ૐ

શ્રી પાર્શ્વનાથાય નમઃ

# જૈનોના કેટલાક પારિભાષિક શબ્દોની સંક્ષેપમાં સમજ

: ભાગ ૨ જો તથા ભાગ ૩ જો :

: સંગ્રાહક તથા પ્રગટ કર્તા

: શા. મોતીલાલ નરોતમદાસ કાપડીઆ

: : સુતંર એશોશીએશન : :

ભાવનગર

વિક્રમ સંવત
૧૯૯૪

કીંમત ૦-૨-૦

વસંત પંચમી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# નિવાપાંજલી

સ્વર્ગસ્થ, પૂજ્ય ગુરૂજી
શ્રી કર્પૂરવિજયજી મહારાજ,

આપશ્રીની નિર્ભિમાન વૃત્તિ, કર્તવ્ય પરાયણતા અદ્ભુત વૈરાગ્યતા, અસાધારણ લેખનશકિત, સામાના વિચારો જાણી લેવાની તાકાત, દંભ, દેખાવ કે ખટપટ રહિતતા વિગેરે સદ્ગુણો તથા આધ્યાત્મિક યોગી "શ્રી આનંદઘનજી મહારાજ શ્રી" ની વાનકી આપનામાં જણાવાથી તથા મારા ઉપરનાં અનુરાગથી પ્રેરાઇ આપ સાહેબનાં આશીર્વાદની પ્રસાદી રૂપ તથા સહવાસના સૌરભનું આ સ્મૃતિ ચિન્હ સાદર સમર્પણ.

લી૰ ચરણકીંકર
મોતીલાલ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# નિવેદન.

હે સર્વજ્ઞ પ્રભો ! આપના ગંભીર વચનોના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ પ્રમાણે અનેક આશયો હોય છે તે અવબોધવાની, જાણવાની મારામાં શક્તિ નથી જેથી તે આશયો પરિપૂર્ણ રીતે ન સમજતાં તેનાથી વીરૂદ્ધ જે કાંઈ વિચારાતુ હોય, વદાતુ હોય, કરાતુ હોય, લખાતુ હોય તે સર્વેની મને માફી આપો. આપની વાણીનાં આશયો વિરૂદ્ધ વિચારવાનો, બોલવાનો યા લખવાનો મારો બીલકુલ આશયજ નથી છતાં પણ અજ્ઞાનતાનાં યોગે મારાથી જે કાંઈ વિપરિતતા થઈ હોય વા થાય છે વા થશે તે સર્વેની આપની પાસે હું ત્રિવિધે ત્રિવિધે માફી માં છું

મારી ઉપરની મહેરબાનીથી આ પુસ્તકનું મેટર સ્વર્ગસ્થ સદ્દગુરૂજી કર્પુરવિજયજી મહારાજે તપાસી આપવાથી તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

આ પુસ્તકમાં મારી અજ્ઞાનતાથી, દ્રષ્ટિ દોષથી તથા પ્રેસ દોષથી જેજે સ્ખલના થઇ હોય તે પંડિતો ક્ષમા કરશો. એવી આશા સાથે વિરમું છું.

લી૦ સંગ્રાહક

મોતીલાલ

ॐ

શ્રી પાર્શ્વનાથાય નમઃ

卐

# જૈનોનાં કેટલાક પારિભાષિક શબ્દોની સંક્ષેપમાં સમજ

## ભાગ ૨ જો.

૧—મિથ્યાત્વ—તેના ચાર પ્રકાર છે.

૧—લૌકિક દેવગત—અન્ય ધર્મીઓએ હરી, હર, બ્રહ્મા વિગેરેને તથા જેણે સ્રી, શાસ્ત્ર વિગેરે ધારણ કરેલા હોય તેવા દેવોને પોતાના દેવ તરીકે અંગીકાર કરી તેની સેવા પૂજાદિક કરવી તે.

૨—લૌકિક ગુરૂ ગત—બ્રાહ્મણ, સન્યાસી વિગેરે મિથ્યા ઉપદેશી, આરંભ, પરિગ્રહવાળાઓને ગુરૂ તરીકે માનવા, નમસ્કાર કરવો, તેઓની કથાઓ સાંભળવી અને અંતઃકરણથી બહુમાન કરવું તે.

૩—લોકોત્તર દેવગત—કેશરીઆજી, મલ્લીનાથજી વિગેરેના આ લોકના લાભાર્થે પૂજા માનતા કરવી. પૂજવા તે—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૪ લોકોત્તર ગુરૂગત-જૈનાભાસ તરીકે ગણેલાં યતી શ્રી પૂજ્ય, પાસથ્થા, કુશીલીઆ વિગેરે કુગુરૂને ગુરૂ તરીકે માનવા, તેમની પૂજા સેવા કરવી તથા ફકત આ લોકનાં લાભાર્થે શુદ્ધ સાધુઓની સેવા કરવી તે।

૨—આપ્ત અથવા શિષ્ટ પુરૂષ.

૧-જેના રાગ-દ્વેષાદિક સર્વે દોષો ક્ષીણ થયા છે. અને જેણે નિર્મળ કેવળજ્ઞાનથી બહુજ ઉંચા પ્રકારનો ઉપદેશ આપેલ છે. અને સદ્બુદ્ધિથી યથાર્થ બોલનારને "આપ્ત, શિષ્ટ" પુરૂષો કહેવામાં આવે છે.

આગમ (શાસ્ત્ર)—

૧-જે આપ્ત. શિષ્ટ પુરૂષોનાં રચેલા હોય, અને જેમાં પ્રત્યક્ષ અનુમાનાદિક પ્રમાણોથી વિરૂદ્ધ કથન ન હોય અને આત્માની ઉન્નતિને લગતો જેમાં પુષ્કળ ઉપદેશ ભરેલો હોય તથા જે તત્વોનાં ગંભીર સ્વરૂપ ઉપર પ્રકાશ પાડનારૂં અને રાગ-દ્વેષ ઉપર ડબાણ કરનારૂ હોય તે પરમ પવિત્ર શાસ્ત્ર " આગમ " કહેવાય છે.

૨-આગમમાં પ્રકાશ કરેલુ તત્વજ્ઞાન અતિ ગંભીર અર્થવાળુ હોય છે તેથી કરીને તેનો જો તટસ્થ ભાવથી વિચાર કરવામાં ન આવે તો અર્થનો અનર્થ થઇ જવા પૂર્ણ સંભવ છે માટેજ જો દુરાગ્રહનો ત્યાગ

જીજ્ઞાસાની પ્રબળતા, શાંત, અને સ્થિર મન, તથા સૂક્ષ્મ દ્રષ્ટિ વિગેરે સાધનો પ્રાપ્ત કર્યાં પછી આગમોનાં તત્વોના ઊંડાણુ ભાગમાં પણ નિભિકતાથી વિચરી શકાય તો ઉત્તમ આત્મ લાભ પ્રાપ્ત થઇ શકે છે.

૪-સમય (કાળ)

૧--આ કાળ ઘણોજ સૂક્ષ્મ છે. ફકત આંખ વીંચીને ઉઘાડીએ તેટલી વખતમાં (એક વિપળમાં) તો અસંખ્યાતા સમય થઇ જાય છે માટે તે કાળ તો ફક્ત કેવળજ્ઞાનીઓજ જાણી શકે છે.

-સાધારણ દાખલો-એક નીરોગી પહેલવાન સુકાયેલા એકસો પાંદડા એક પછી એક ઉપરા ઉપરી ગોઠવેલાને પોતાના હાથમાં તીક્ષ્ણ અણીદાર ભાલો લઇ એકજ ઝપાટે તે તમામ પાંદડાને વીંધી નાખે તે વખતે પહેલા પાંદડાથી બીજા પાંદડાને વિંધાતા જેટલો વખત લાગે તે કરતાં પણ સમય કાળ અતિ સૂક્ષ્મ છે.

૩-એક જીર્ણ વસ્રને યુવાન માણસ બે હાથમાં ઝાલીને એકજ આંચકે ફાડી નાંખે તેમાં પહેલાં તંતુથી બીજા તંતુને ફાટતાં જેટલો વખત લાગે તે કરતાં પણ સમય કાળ અતિ સૂક્ષ્મ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૫-અંત મુહૂર્ત (કાળ)

નવ સમયથી આરંભીને બે ઘડીમાં એક સમય ઓછો હોય તેટલાં વખતનો બધો કાળ " અંત મુહૂર્ત કહેવાય છે.

૬-મુહૂર્ત (કાળ)

બે ઘડી એટલે ૪૮ મિનિટ પુરેપુરી થયેથી એક મુહૂર્ત કાળ કહેવાય છે

૭-તિર્થંકરનું બળ—

ઘણા માણસોને પહોંચી શકે, હંફાવી શકે તે યોદ્ધો કહેવાય એવા બાર યોદ્ધાનું બળ એક ગોધામાં (બળદમાં) હોય, દશ ગોધાનું બળ એક ઘોડામાં, બાર ઘોડાનું બળ એક પાડામાં, પંદર પાડાનું બળ એક ઉન્મત્ત હાથીમાં, પાંચસો હાથીનું બળ એક કેશરી સિંહમાં, બે હજાર સિંહનું બળ એક અષ્ટાપદ જનાવરમાં, દશ લાખ અષ્ટાપદનું બળ એક બળદેવમાં, બે બળદેવનું બળ એક વાસુદેવમાં, બે વાસુદેવનું બળ એક ચક્રવર્તિમાં, એક લાખ ચક્રવર્તિનું બળ એક નાગેંદ્રમાં, ક્રોડ નાગેંદ્રનું બળ એક ઇંદ્રમાં, એવા અનંતા ઈંદ્રોનું બળ એકતીર્થંકર ભગવાનની ટચલી આંગળીમાં હોય છે. જેથી અરિહંતો અતુળી બળનાં ધણી અને અનંત વીર્યવાળા (શકિતવાળા) કહેવાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૮–અવ્યવહાર રાશિ—

જે જીવો અનાદિ કાળથી સૂક્ષ્મ નિગોદમાંજ રહેલા છે. કદીપણ તેમાંથી નીકળ્યા નથી. તેઓ અવ્યવહાર રાશિના જીવો કહેવાય છે.

૯–વ્યવહાર રાશિ—

ઉપર જણાવ્યા તે શિવાયના બીજા જીવો તથા જે સૂક્ષ્મ નિગોદમાંથી બહાર નીકળી પુનઃ સૂક્ષ્મ નિગોદમાં ગયા હોય તો પણ તેઓ વ્યવહાર રાશિના જીવો કહેવાય છે.

૧૦ પર્યાપ્તિ—

તેજસ અને કાર્મણ શરીર યુક્ત જીવ ભવાંતરમાં આહાર વડે કરીને પ્રથમ ઔદારિકાદિ શરીર ગ્રહણ કરે છે તે પર્યાપ્તિ કહેવાય છે.

૧૧–પર્યાપ્તા— તેના બે પ્રકાર

૧-લબ્ધિ પર્યાપ્તા-જે જીવો સ્વયોગ્ય સઘળી પર્યાપ્તિઓ પૂર્ણ કરીને મરે છે. પરંતુ તે પૂર્વે નહીં. તે લબ્ધિ પર્યાપ્તા કહેવાય છે.

૨–કરણ પર્યાપ્તા જેઓએ શરીર ઇંદ્રિયાદિ પર્યાપ્તિઓ પૂર્ણ કરી છે તે.

૧૨ અપર્યાપ્તા તેના બે ભેદ છે —

૧–લબ્ધિ અપર્યાપ્તા-જે જીવો સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કર્યા વગર મરણ પામે છે તે.

૨–કરણુ અપર્યાપ્તા–સ્વયોગ્ય પ્રાપ્તિઓ જે જીવોએ પૂર્ણ કરી નથી પણ પૂર્ણ કરશે તે.

( કરણ શબ્દ શરીરનાં અર્થમાં વપરાયેલ છે. )

૧૩–લોકાંતિક દેવલોક—

તે પાંચમાં બ્રહ્મદેવલોકની પાસે નીચે છે. ચાર દિશા તથા ચાર વિદિશાને એક વચમાં મળીને નવ લોકાંતિક દેવોના વિમાનો છે. તે સર્વ બ્રહ્મ દેવલોક વાસી ગણાય છે.

૧૪–"तस्समिच्छा मिदुक्कड"

આ શબ્દોમાં આખા "ઇરિયાવહિ" સૂત્રના પાઠનું તાત્પર્ય નામે આંતરિક પશ્ચાતાપ સમાયેલો છે. એમાં ૫૬૩ જીવો પ્રત્યે ૧૮૨૪૧૨૦ પ્રકારે 'મિચ્છા-મિદુક્કડ" દેવાય છે તેની સમજ

## જીવના ૫૬૩ ભેદની સમજ

૧૪—સાત નરક ગતિના ચૌદ ભેદ

૭ પર્યાપ્તા ૭ અપર્યાપ્તા

૪૮—તિર્યંચ ગતિના અડતાલીશ ભેદ

૧ પૃથ્વીકાય, ૨ અપકાય, ૩ તેઉકાય વાયુકાય ૫ સાધારણ વનસ્પતિકાય એ પાંચના સૂક્ષ્મ તથ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બાદર અને પ્રર્યાપ્તા તથા અપર્યાપ્તા એમ ચાર વડે ગુણતાં ૨૦ ભેદ થયાં તથા પ્રત્યેક વનસ્પતિકાય, અને વિકલેંદ્રિય (દ્વી રિંદ્રિય, તે ઇંદ્રિય, ચૌરિંદ્રિય) એ ચારના પર્યાપ્તા તથા અપર્યાપ્તા ગણતા આઠ ભેદ થયાં તે ઉપરના વિશ ભેદ i મેળવતા ૨૮ થયાં તથા જળચર, સ્થળચર, ખેચર, ઉરપરિસર્પને ભુજ પરિ સપ એ પાંચ પ્રકાર તિર્યંચ પંચેંદ્રિયનાં ગર્ભજ તથા સમુચ્છિમ તથા પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ ચાર વડે ગણતાં ૨૦ ભેદ થયાં તેમાં ઉપરનાં ૨૮ ભેદ ઉમેરતાં સર્વ મળી તિર્યંચના ૪૮ ભેદ થયાં

૩૦૩—મનુષ્યનાં ૩૦૩ ભેદ,

૧૫ કર્મ ભૂમિનાં
૩૦ અકર્મ ભૂમિનાં
૫૬ અંતદ્વિપના

——

૧૦૧

ગર્ભજ પર્યાપ્તા તથા અપર્યાપ્તા
૧૦૧ ૧૦૧
સમુચ્છિમ અપર્યાપ્તા
૧૦૧

એમ ત્રણ પ્રકારે ગણતાં ૩૦૩ ભેદ થાય છે.

૧૯૮—દેવતાંના ૧૯૮ ભેદ

| | |
|---|---|
| ૧૦ ભુવનપતિ | ૧૫ પરમાધામી |
| ૮ વ્યંતર ૮ વાણવ્યંતર | ૧૨ દેવલોક |
| ૫ ચરજ્યોતષી | ૫ સ્થિર જ્યોતિષી |
| ૯ ગ્રૈવેયક | ૫ અનુત્તર વિમાન |
| ૩ કિલ્બિષ પયા | ૯ લોકાંતિક |
| ૧૦ તિર્યંકજભક ૯૯ | |
| પર્યાપ્તા | અપર્યાપ્તા |
| ૯૯ | ૯૯ |

૧૯૮

૫૬૩ ઉપર પ્રમાણે ચારે ગતિના મળીને જીવોનાં કુલ ૫૬૩ ભેદ થાય છે.

૫૬૩૦ ઉપર જણાવેલ ૫૬૩ ને "अभिहिया" થી તે "जीवियाओ ववरोविया" સુધી ના ૧૦ પદોથી ગુણતા ૫૬૩૦ થયાં.

૧૧૨૬૦ ઉપર જણાવેલા ૫૬૩૦ ને રાગ તથા દ્વેષથી બમણા કરતાં ૧૧૨૬૦ થયા.

૩૩૭૮૦ ઉપર જણાવેલાને મન, વચન અને કાયા એ ત્રણે ગુણતાં ૩૩૭૮૦ થયા.

૧૦૧૩૪૦ ઉપર જણાવેલાને કરવું, કરાવવું અને અનુમોદવું એ ત્રણે ગુણતાં ૧૦૧૩૪૦ થયા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૩૦૪૦૨૦ ઉપર જણાવેલાને અતીત, અનાગત અને વર્તમાન
એ ત્રણ કાળે ગુણતાં ૩૦૪૦૨૦ થયા.

૧૮૨૪૧૨૦ ઉપર જણાવેલાને આરહંત, સિદ્ધ સાધુ, દેવ, ગુરૂ અને પોતાનો આત્મા એ છની સાક્ષીએ "મિચ્છા મિદુક્કડ" દેતાં એટલે છ ગુણા કરતાં ૧૮૨૪૧૨૦ થાય.

આ પ્રમાણે "ઇરિયાવ હિયાના મિચ્છામિ દુક્કડ" નું પ્રમાણ શ્રી સિદ્ધાંતમાં જણાવેલું છે.

૧૫ મિચ્છામિ દુક્કડં શબ્દનો અર્થ

મિ-મૃદુ, અહંકાર રહિતપણાના અર્થમાં છે.
ચ્છા-દોષ છાંડવાના અર્થમાં છે.
મિ-મરિયાદામાં રહેવાના અર્થમાં છે.
દુ-પાપકારી આત્માને દુગછવાના અર્થમાં છે.
ક્ક-મેં જે પાપ કર્યું તેના અર્થમાં છે.
ડં-તેને ઉપશમ ભાવથી દવું છું. દહું છું. બાળું છું.

આવી રીતે "મિચ્છામિદુક્કડ"નો પદાક્ષરાર્થ સંક્ષેપથી કહેવાયેલ છે.

૧૬-રાગ તેના બે પ્રકાર છે—

૧-પ્રશસ્ત-દેવ, ગુરૂ અને ધર્મને વિષે જે રાગ તે પ્રશસ્ત રાગ અને તેથી પુણ્યનો બંધ થાય છે.

૨-ઉપર જણાવ્યા શિવાયની બાહ્ય ક્ષણિક પર વસ્તુઓ ઉપર જે રાગ તે અપ્રશસ્ત રાગ ગણાય છે અને તેથી પાપનો બંધ થાય છે. બંન્ને બંધન રૂપ ફળની અપેક્ષાએ સરખા છે. કારણ બંન્નેમાં પરતન્ત્રતા છે બંન્ને બેડી રૂપ છે. પુણ્યબંધ સોનાની બેડી સમાન છે. અને પાપબંધ લોઢાની બેડી સમાન છે. માટે તે બંન્ને બંધનોનો ત્યાગ કરવાથી જ મોક્ષ પ્રાપ્તિ થાય છે.

૧૭-ક્ષયોપશમ—

ઉદયમાં આવેલાં કર્મોનો ક્ષય કરવો અને ઉદયમાં નહીં આવેલ કર્મોનો ઉપશમ કરવો તેનું નામ ક્ષયોપશમ છે

૧૮-પરિગ્રહ—

સચેતન કે અચેતન વસ્તુમાં અથવા બાહ્ય કે અભ્યં-તર વસ્તુમાં મૂર્છા, મમત્વ પરિણામ તે પરિગ્રહ કહેવાય છે.

૧૯-પુર્વ સંચિત સંસ્કારવિધિ—(અથવા નસીબ)

તે એક મહાન વસ્તુ છે, ચિર સંચિત સંસ્કાર સમૂહ એકજ જન્મમાં નાશ પામતો નથી. અનેક જન્માં-તરોમાં પણ એનો પ્રભાવ દશ્યમાન થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨૦-અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર

આ ચારે દોષો એક એકથી ચઢીયાતા છે. તેનું દ્રષ્ટાંત કોઈ માણસે રાત્રે ખાવાનું રાત્રીભોજનનું) પચ્ચખાણ લીધું હોય. તેને રાત્રે ખાવાની ઇચ્છા થઈ તે અતિક્રમ, ખાવાનું લેવા જવાનો પ્રયત્ન કર્યો. તે વ્યતિક્રમ ખાવાનું હાથમાં લીધું તે અતિચાર, અને ખાધું એટલે અનાચાર થયો.

૨૧-ષટ્ દ્રવ્ય—

૧ ધર્માસ્તિકાય-એટલે જળમાં જેમ માછલું ચાલી શકે છે. તેમ જીવ તથા પુદ્ગલને હાલવા, ચાલવામાં સહાય કરે તેને ધર્માસ્તિકાય કહે છે દ્રવ્યથી તે એક છે. ક્ષેત્રથી ચૌદરાજ લોક વ્યાપી છે. અસંખ્ય પ્રદેશીછે. કાળથી અનાદિ અનંત છે. અને ભાવથી વર્ણ ગંધ, રસ અને સ્પર્શ થી રહિત છે.

૨-અધર્માસ્તિકાય-એટલે માછલુ જેમ જળમાં સ્થિર રહે છે. તેમ જીવ તથા પુદ્ગલને સ્થિર થવામાં સહાય કરવાનો સ્વભાવ અધર્માસ્તિકાયનો છે, અને તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ધર્માસ્તિકાયની માફકજ છે.

૩-આકાશાસ્તિકાય-જીવ તથા પુદ્ગલને એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં જવાને અવકાશ આપે છે. તે ક્ષેત્રથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચૌદ રાજલોક અને અનંત અલોક વ્યાપી છે, અર્થાત અનંત પ્રદેશી છે. અને દ્રવ્ય, કાળ અને ભાવથી ધર્માસ્તિકાય પ્રમાણે છે.

૪–કાળ–(ટાઇમ, વખત) તે દરેક દ્રવ્યની પ્રતિ સમય ભિન્ન ભિન્ન વર્તના (અવસ્થા) કરવી એટલે નવું જુનું, સારૂ, નરસુ, વિગેરે કરવાનું કાળને આધીન છે, તે ક્ષેત્રથી અઢીદ્વીપમાં છે. અને દ્રવ્ય, કાળ અને ભાવથી ધર્માસ્તિ કાય પ્રમાણે છે.

૫–પુદ્ગલાસ્તિકાય–પરમાણું તથા પરમાણુઓથી બનેલા સ્કંધને પુદ્ગલાસ્તિકાય કહે છે અને તેનો સડણ, પડણ, વિધ્વંસ, હાનિ વૃદ્ધિ થવાનો સ્વભાવ છે. તે દ્રવ્યથી અનંત છે. ક્ષેત્રથી ધર્માસ્તિકાય પ્રમાણે ચૌદ રાજલોકમાં છે. કાળથી સાદિસાંત છે. અને ભાવથી વર્ણ ગંધ, રસ, અને સ્પર્શવાળા છે (રૂપી છે.)

૬ જીવાસ્તિકાય દ્રવ્યથી અનંત છે. ક્ષેત્રથી ચૌદ રાજલોકમાં છે. કાળથી અનાદિ અનંત છે. અને ભાવથી વર્ણ, ગંધ રસ અને સ્પર્શ રહિત છે. (અરૂપી છે.) પરંતુ પુદ્ગલના સંબંધથી તે રૂપી જણાય છે. આ છ દ્રવ્યમાં પહેલાં પાંચ અજીવ છે. અને છેલ્લો જીવ છે પુદ્ગલ રૂપી છે. અને બાકીના પાંચ અરૂપી

છે. જીવ બદલાઇને અજીવ થતો નથી તેમ અજીવ બદલાઇને જીવ થતો નથી. આકાશ ક્ષેત્ર છે. બાકીનાં પાંચ ક્ષેત્રી છે જીવ અને અજીવ અનિત્ય છે. બાકીના ચાર નિત્ય છે. આ છએ દ્રવ્યો એક બીજામાં તદ્રૂપ પણે થતાં નથી.

૨-સમ વસરણ—

૧-તીર્થંકરો જ્યાં ઉપદેશ દેવાના હોય ત્યાં ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક એ ચાર પ્રકારના દેવો એક જોજન લાંબુ, પહોળું ચોરસ અથવા ગોળ સમવરણ રચે છે.

૨-પ્રથમ વાયુ કુમારનાં દેવો એક જોજન પ્રમાણ પૃથ્વીને વાળી ( કચરો કાઢી ) શુદ્ધ કરે છે. પછી મેઘકુમાર દેવો સુગંધી જળની વૃષ્ટિ કરી ઉડેલી રજ શાંત કરે છે. પછી વ્યંતર દેવો સમવસરણનાં ભૂતળમાં રત્નની શીલાઓ પાથરે છે. તથા છત્ર, ધ્વજા યુક્ત ચાર તોરણો ચારે દિશાએ બાંધે છે. પછી વૈમાનિક દેવો મધ્ય ભાગમાં મણીનાં કાંગરા-વાળો રત્નનો ગઢ રચે છે. તેની આસપાસ જ્યોતિષી દેવો રત્નનાં કાંગરાવાળો સુવર્ણનો ગઢ રચે છે. તેની આસપાસ ભવનપતિ દેવો સૂવર્ણના કાંગરાવાળો રૂપાનો ગઢ રચે છે. અને માણેકની પુતળીઓવાળા ચાર

દરવાજા ચારે દિશાએ કરે છે. વ્યંતર દેવો ચારે દિશાએ ( બે બે એમ આઠ ) વાપિકાઓ કરે છે. તથા વચલા સોનાના ગઢમાં ઈશાન ખુણે તીર્થંકરને પહેલી પોરસી પુર્ણ થયા પછી વિશ્રાંતિ લેવા માટે દેવચ્છંદો કરે છે. (પ્રભુ દેવચ્છંદામાં પધારે ત્યારે મુખ્ય ગણધર પ્રભુના પાદપીઠ ઉપર બેસીને દેશના આપે છે)

૩-ત્યારબાદ રત્નનાં ગઢ વચ્ચે ચૈત્ય વૃક્ષથી શોભતું રત્નનું સિંહાસન કરે છે તથા શ્વેતવર્ણા ત્રણ છત્રો કરે છે. અને ચરણપીઠ (પાદપીઠ) કરે છે અને તેની પાસે માણેકનો ધ્વજ કરે છે.

૪-ત્યારબાદ છ એ ઋતુના અધિષ્ટાયક દેવો (વ્યંતરો) જળ, સ્થળનાં પુષ્પોની (વૃંત, (દીંટ) નીચે રહે તેવી રીતે વૃષ્ટિ કરે છે.

૫-ત્યારબાદ તીર્થંકર ભગવાન દેવતાઓએ રચેલા સુવર્ણના નવ કમળો ઉપર પગ મૂકતા મૂકતા સમવસરણમાં પધારે છે અને બાર પર્ષદા મધ્યે ધર્મોપદેશ આપે છે.

૨૩-બાર પર્ષદા—

૩-પૂર્વ અને દક્ષિણ વચ્ચેના અગ્નિકોણે છેક અંદરના ગઢમાં પ્રથમ ગણધરો બેસે તેની પાછળ કેવળ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જ્ઞાનીઓ બેસે તેની પાછળ મનઃ પર્યવ જ્ઞાનીઓ, અવધિ જ્ઞાનીઓ અને સામાન્ય મુનિઓ અનુક્રમે બેસે છે, તેમની પાછળ વૈમાનિક દેવીઓ અને સાધ્વીજીઓ એ ત્રણે પર્ષદા બેસે છે.

૩–દક્ષિણ તથા પશ્ચિમ વચ્ચે નૈઋત્ય કોણમાં ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષી દેવોની દેવીઓ બેસે છે.

૩–પશ્ચિમ તથા ઉત્તર દિશા વચ્ચે વાવ્ય કોણમાં ભવનપતિ, જ્યોતિષી અને વ્યંતર દેવો બેસે છે.

૩–ઉત્તર તથા પૂર્વ વચ્ચેના ઇશાન કોણમાં વૈમાનિક દેવો, મનુષ્યો તથા મનુષ્ય સ્ત્રીઓ બેસે છે.

---

૧૨

૧–એ પ્રમાણે બાર પર્ષદાઓ પ્રથમ ગઢમાં બેસે છે, અને બીજા ગઢમાં તિર્યંચો બેસે છે. અને ત્રીજા ગઢમાં સર્વેના વાહનો રહે છે.

(આવશ્યક વૃત્તિ પ્રમાણે ચાર પ્રકારની દેવીઓ તથા સાધ્વીજીઓ એ પાંચ પર્ષદા ઉભી રહીને દેશના સાંભળે છે. પણ આવશ્યક ચૂર્ણીને આધારે વૈમાનિકની દેવીઓ તથા સાધ્વીજીઓ એ બે પર્ષદા ઉભી રહે છે અને બાકીની પર્ષદા બેસીને દેશના સાંભળે છે.)

૨–સમવસરણ જમીનથી વીશ હજાર હાથ ઉંચુ હોય છે. સૌથી બહારના ગઢને ચઢવાના દશહજાર પગ-

થીઆ હોય છે. દરેક પગથીઆ એક હાથ ઉંચા તથા પહોળાઇનાં હોય છે, ત્યારબાદ પચાસ ધનુષ્યની સમભૂમિ આવે છે ત્યારપછી બીજાગઢ ઉપર ચઢવાના પ્રથમની જેવા પાંચ હજાર પગથીઆ હોય છે. ત્યારબાદ પચાસ ધનુષ્યની બીજી સમભૂમિ આવે છે. ત્યારપછી સૌથી ઉચા ત્રીજા ગઢ ઉપર ચઢવાનાં પ્રથમની જેવડાંજ પાંચ હજાર પગથીઆ આવે છે. એવી રીતે કુલ વીશ હજાર પગથીઆ ચારે દિશામાં હોય છે.

૩-સૌથી ઉંચા ગઢના મધ્ય ભાગમાં ત્રણ પગથીઆની બસો ધનુષ્ય લાંબી તથા પહોળી અને તીર્થંકરોના શરીરનાં પ્રમાણમાં ઉંચી મણીની વેદિકા હોય છે. ત્યાં બેસી પ્રભુજી ધર્મ દેશના આપે છે.

૪-તે વેદિકા અથવા પિઠિકાના મધ્ય ભાગમાં તીર્થંકરોના શરીરથી બારગણું ઉંચુ અશોકવૃક્ષ દેવો રચે છે તે ચૈત્યવૃક્ષ કહેવાય છે.

૫-ચોરસ સમવસરણને દરેક ખુણે બબે વાવો હોય છે અને ગોળ સમવસરણને દરેક ખુણે એકેક વાવો હોય છે.

૬-જ્યોતિષી દેવોએ રચેલું સમવસરણ પંદરદિન સુધી રહે છે. સૌધર્મા ઇંદ્રે રચેલું આઠ દીવસ ઇશાનેદ્રે

રચેલું પંદર દીવસ, સનતકુમાર દેવે રચેલુ એકમાસ માહેંદ્ર દેવોએ રચેલું બે માસ, બ્રહ્મેંદ્ર દેવોએ રચેલુ ચાર માસ અને સામાનિક દેવોએ રચેલુ ત્રણ દીવસ સુધી રહે છે, આ તમામ ઉ૮ ષ્ટથી સમજવું. અને જઘન્યતાથી તો સર્વે દેવોએ રચેલુ એક અહોરાત્રી રહે છે.

૭–કોઇ મહર્ધિક દેવતા અથવા ઈંદ્ર પોતે સમવસરણ રચવા ધારે તો તે પોતે એકલાપણ રચી શકવા સમર્થ છે.

૮–સમવસરણની આસપાસ બાર જોજન ફરતાં કોઈપણ સાધુઓ હોય ને તે જો ભગવંતને વંદન કરવા સમવસરણમાં ન આવે તો તેને પ્રાયશ્ચિત લાગે છે.

ઉપર પ્રમાણેના સમવસરણમાં તીર્થંકર ભગવાન "नमो तिथ्थस्स" એમ કહીને પૂર્વ દિશાનાં સિંહાસન ઉપર બેસે છે. તેજ સમયેવ્યંતરેંદ્રો બાકીની ત્રણે દિશામાં સિંહાસન ઉપર સાક્ષાત તીર્થંકર જેવાજ ત્રણ પ્રતિબીંબો સ્થાપન કરે છે. જેથી દરેક દિશાની પર્ષદાઓ પ્રભુ અમારા સન્મુખ બેસીનેજ દેશના આપે છે. તેમ સમજે છે.

૨૪-અભિગમ તેના પાંચ પ્રકાર છે—

૧–રાજાઓ માટે પોતાના ભોગમાં લેવા યોગ્ય,

૧ છત્ર  ૨ ચામર  ૩ ખડગ

૪ મુકુટ  ૫ મોજડી.

ઉપરની પાંચ વસ્તુઓનો ત્યાગ કરી જીનમંદિર તથા ઉપાશ્રયમાં પ્રવેશ કરવો.

૨–સામાન્ય મનુષ્યો માટે પોતાના ભોગમાં લેવા યોગ્ય

૧–સચિત ફળાદિક વસ્તુઓ છાંડવી.

૨–અચિત વસ્ત્રાદિક આભરણો ધારણ કરવા.

૩–એકાગ્ર ચિત્ત કરવું.

૪–અખંડ એક સાડી ઉતરાસંગ કરવું. (ખેશ રાખવો તે)

૫–પ્રભુજીનાં દર્શન થતાંજ બે હાથ લલાટે લગાડી મસ્તક નમાવવું.

૨૫–ગુણ સ્થાનક—

આત્માના ગુણનો વિકાશ યથાયોગ્ય ક્રમશઃ ચૌદ શ્રેણીઓમાં થાય છે. પહેલી શ્રેણી કરતાં બીજી અને બીજી કરતાં ત્રીજી એમ ઉત્તરોત્તર શ્રેણીમાં આત્મગુણનો વિકાશ વધારે વધારે થાય છે, યાવત ચૌદમી શ્રેણીમાં આવેલા આત્માઓ અતિ નિર્મળ, પરમ કૃતાર્થ થયેલાં હોય છે. અને તેમને તત્કાળ મુક્તિ પ્રાપ્ત થઈ જાય છે. મોક્ષ મહેલ ઉપર ચઢવા માટે આ ચૌદ પગથીઆની નીસરણી છે.

P. P. Ac. Gunratansuriji M.S.  Jin Gun Aaradhak Trust

૧-મિથ્યાદ્રષ્ટિ-જે અવસ્થામાં દર્શન મોહનીય કર્મની પ્રબળતાને લીધે સમ્યકત્વગુણ આવૃત થયેલો હોવાથી આત્માની તત્વરૂચી પ્રગટી શક્તી નથી. તેથી તેની દ્રષ્ટિ મિથ્યા (સત્ય વિરૂધ) હોય છે. તે મિથ્યા દ્રષ્ટિ ગુણ સ્થાનક કહેવાય છે.

૨-સાસ્વાદન-અગીઆરમાં અથવા બીજા ઉપશમ ગુણ સ્થાનકથી પતીત થઇ પ્રથમનાં ગુણસ્થાનક ઉપર આવતાં બહુજ થોડો વખત સુધી જે અવસ્થા પ્રાપ્ત થાય છે. તે અવસ્થાને સાસ્વાદન ગુણસ્થાનક કહેછે. આનુ સાસ્વાદન નામ એટલા માટે છે- કે તેમાં પતનોન્મુખ આત્માને તત્વરૂચીનો સ્વરુપ પણ આસ્વાદ રહેલો હોય છે. જેમ મીષ્ટાન ભોજન કર્યાબાદ ઉલટી થતી વખતે જેવો વિલક્ષણ સ્વાદ આવે છે. (નહી ખાટો તેમ નહીં મધુર) આ બીજુ ગુણસ્થાનક પતનોન્મુખ આત્માનેજ પ્રાપ્ત થાય છે.

૩-સમ્યક મિથ્યા દ્રષ્ટિ-હીંચકે હીચતા માણસની પેઠે જે અવસ્થામાં આત્મા દોલાયમાન હોય છે. જેને લીધે તે સર્વથા સત્ય દર્શન કરી શકતો નથી. કે સર્વથા મિથ્યા દ્રષ્ટિની સ્થિતિમાં રહી શકતોનથી. અથવા તેની સંશયાળુ જેવી સ્થિતિ બની જાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ અવસ્થામાં દર્શન મોહનિય કર્મનું વિષ પ્રથમ જેટલું તીવ્ર રહેતુ નથી પરંતુ તે હોય છે ખરૂં.

૪–અવિરત સમ્યક દ્રષ્ટિ–જે અવસ્થામાં દર્શન મોહનિયનું બળ કાંતો બીલકુલ શમી જાય છે. અથવા વિરલ થઈ જાય છે. અને કાંતો બીલકુલ ક્ષીણ થઈ જાય છે. તેને લીધે આત્મા અસંગિધ પણે સત્ય દર્શન કરી શકે છે આનુ અવિરત નામ એટલા માટે છે કે–તેમાં ચારિત્ર મોહાનયની સત્તા સવિશેષ હોવાથી વિરતિ [ત્યાગ વૃત્તિ] ઉદય આવતી નથી

૫–દેશ વિરતિ–જે અવસ્થામાં સત્યદર્શન ઉપરાંત અલ્પાંસે પણ ત્યાગ વૃતિનો ઉદય હોય છે. આમાં ચારિત્ર મોહનિયની સત્તા અવશ્ય ઘટેલી હોય છે અને તેના કમીના પ્રમાણુમાં ત્યાગ વૃતિનો ઉદય હોય છે.

૬–પ્રમત્ત સંયત્ત જે અવસ્થામાં ત્યાગ વૃતિ પુર્ણ રીતે ઉદય પામે છે. છતાં વચ્ચે વચ્ચે [પ્રમાદ] સ્ખલન સંભવે છે.

૭-અપ્રમત્ત સંયત્ત-જે અવસ્થામાં પ્રમાદનો જરાપણ સભવ હોતો નથી

૮–અપૂર્વકરણુ–જે અવસ્થામાં પહેલાં કયારેય પણ નહીં અનુભવેલી આત્મ શુદ્ધિનો અનુભવ થાય છે. અને

અપૂર્વ વિર્યોલ્લાસ આત્મિક સામર્થ્ય પ્રકટ થાય છે તે અવસ્થાને અપૂર્વ કરણ જેનું બીજુ નામ નિવૃત્તિ બાદર પણ કહે છે.

૯–અનિવૃતિ બાદર–જે અવસ્થામાં ચારિત્ર મોહનિય કર્મના શેષ રહેલ અંશોને સમાવવાનું કે ક્ષીણ કરવાનું કામ ચાલતુ હોય છે.

૧૦–સૂક્ષ્મ સંપરાય–જે અવસ્થામાં મોહનિય કર્મનો લોભ અંશ રૂપેજ ઉદયમાન હોય છે. ( બહુજ સૂક્ષ્મ પ્રમાણમાં.)

૧૧–ઉપશાંત મોહનિય–જે અવસ્થામાં લોભ પણ સમી જાય છે, આ ગુણસ્થાનકમાં દર્શન મોહનિય કમનો સર્વથા ક્ષય સંભવે ખરો પણ ચારિત્ર મોહનિયનો તેવો ક્ષય નથી હોતો માત્ર તેની સર્વાંશે ઉપશાંતી હોય છે. આને લીધેજ મોહનો ફરી ઉદ્રેક થાતાં આ ગુણ સ્થાનકથી અવશ્ય પતન થાય છે. જેથ પ્રાયે પ્રથમ ગુણસ્થાનક સુધી જવું પડે છે.

૧૨–ક્ષીણ મોહનિય–જે અવસ્થામાં દર્શન તથા ચારિત્ર મોહનિયનો સર્વથા ક્ષય થઇ જાય છે આ ગુણ સ્થાનકથી પતન થતું નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૩-સયોગી કેવળીજે અવસ્થામાં મોહનાં આત્યંતીક અભાવને લીધે વીતરાગ દશા પ્રગટવા સાથે સર્વજ્ઞ પણું પ્રાપ્ત થાય છે. આ ગુણ સ્થાનકમાં યથાયોગ્ય શારીરિક, વાચિક અને માનસિક વ્યાપાર હોય છે. જેથી આને જીવનમુક્ત પણ કહી શકાય

૧૪-અયોગી કેવળીજે અવસ્થામાં શારીરિક, માનસિક અને વાચિક પ્રવૃતિનો પણ અભાવ થઈ જાય છે. આ ગુણ સ્થાનકે પાંચ હ્રસ્વ સ્વરનાં ઉચ્ચાર જેટલું તથા છેલ્લુ છે. તેથી શરીરપાત થતાંજ તેની સમાપ્તિ થાય છે અને ત્યારબાદ ગુણસ્થાનાતીત વિદેહ મુક્તિ પ્રાપ્ત થાય છે.

૬૬-દેવોને ઓળખવાની સમજ—

૧-પૃથ્વીથી ચાર આંગુલ તેના પગ ઉંચા રહે.

૨-તેના ગળામાં પહેરેલી ફુલમાળા કરમાય નહીં

૩-આંખમટ મટાવે નહીં. ૪-તમામ કાર્યો મનથી કરે.

ઇત્યાદિક ચિન્હોથી દેવ જાણવા દેવોને જ્યારે દેવલોકમાંથી ચવવાનો અવસર થાય તે અગાઉ પ્રાયે છ મહીના રહે ત્યારે તેની પુષ્પમાળા કરમાવા માંડે આંખો મટ મટાવે. આળસ આવે ઇત્યાદિક ચિન્હો થાય છે ત્યારે પોતાનું આયુષ્ય અલ્પ રહ્યું તેમ જાણે.

હવે દરેક જીવને આહાર લેવાની ઇચ્છા કયારે થાય છે તે

૧–નારકી, વકલેંદ્રિ, પંચેંદ્રિતિર્યંચ અને મનુષ્યને જ ઘન્યતાથી સમયે સમયે અને ઉત્કૃષ્ટતાથી અંત મૂંહુર્તે આહાર લેવાની ઇચ્છા થાય છે

૨–સ્થાવરને હંમેશાં સમયે સમયે ઇચ્છા થાય છે.

૩–પલ્યોપમ વર્ષનાં આયુષ્યવાળાઓને ૨ થી ૯ દીવસ સુધીમાં ઇચ્છા થાય છે.

૪–એક સાગરોપમનાં આયુષ્યવાળાઓને એક હજાર વર્ષે એમ દર સાગરોપમે અકેક હજાર વર્ષ વધે એટલે ૩૩ સાગરોપમનાં આયુષ્યવાળાઓને ૩૩ હજાર વર્ષે આહાર લેવાની ઇચ્છા થાય છે.

૨૮–સિદ્ધ ભગવાન—

૧–જે આઠ કર્મથી મુક્ત થઇ મોક્ષમાં બીરાજે છે તે. તેમની સ્થિતિ સાદી અનંત છે. જ્યારે આઠ કર્મ ખપાવી (નાશકરી) સિદ્ધ દશા મેળવે છે ત્યારે તેમની તે દશાની શરૂઆત થાય છે એટલે સાદી અને મોક્ષમાંથી ચવવાનો ( જન્મ લેવાનો ) અભાવ હોવાથી અનંત કાળ સુધી ત્યાંજ રહેવાના માટે અનંત સ્થિતિ જાણવી.

૨–સિદ્ધ ભગવાન આઠ કર્મમાંથી એકેક કર્મ ખપાવી [નાશ કરી] આઠ ગુણ પ્રાપ્ત કરે છે. તેનું સ્પષ્ટિકરણ નીચે પ્રમાણે–

| આઠ કર્મ | આઠ ગુણ |
| --- | --- |
| ૧–જ્ઞાનાવર્ણીય કર્મ. | ૧–જ્ઞાનાવર્ણીય કર્મનો સર્વથા ક્ષય થવાથી કેવળ જ્ઞાન પ્રગટ થાયછે. તેથી તમામ લોકા લોકનાં સ્વરૂપને સમસ્ત પ્રકારે જાણી શકે છે. (અનંતજ્ઞાન) |
| ૨–દર્શનાવર્ણીય કર્મ | ૨–દર્શનાવર્ણીય કર્મનો સર્વથા ક્ષય થવાથી કેવળ દર્શન પ્રાપ્ત થાયછે. તેથી લોકાલોકનાં ભાવ સમસ્ત પ્રકારે દેખી શકે છે. (અનંત દર્શન). |
| ૩—અંતરાય કર્મ | ૩–અંતરાય કર્મનો સર્વથા ક્ષય થવાથી અનંત દાન, લાભ, ભોગ, ઉપભોગ અનેબળ (વીર્ય)વાળા થાયછે [અનંતવીર્ય] |

| | |
|---|---|
| ૪-મોહનિય કર્મ | ૪-મોહનિય કર્મનો સર્વથા ક્ષય થવાથી નિર્મોહ, ક્ષાયક સમ્યકત્વ, પ્રાપ્ત થાય છે. (અનંત ચારિત્ર). |

ઉપરનાં ચારે કર્મો ઘન ઘાતી છે. આત્માના સત્ય સ્વરૂપનો સંહાર (નાશ) કરનારા છે.

| | |
|---|---|
| ૫—નામ કર્મ— | ૫ નામ કર્મનો નાસ થવાથી અરૂપીપણાનો ગુણ પ્રાપ્ત થાય છે. (નામ કર્મ હોય ત્યાં શરીર, રૂપ, રસ, વર્ણ, ગંધ અને સ્પર્શ હોય.) |
| ૬—ગોત્રકર્મ— | ૬ ગોત્ર કર્મનો નાશ થવાથી ઉંચ, નીચપણું રહેતું નથી. ( એટલે-અગુરૂ લઘુત્વ પણ પ્રાપ્ત થાય છે). |
| ૭—વેદનીય કર્મ— | ૭-વેદનીય કર્મનો નાશ થવાથી અવ્યાબાધ સુખ ( અ-નહી-વ્યાબાધ પીડા )એટલે પીડા વગરનુ, નિર્વેદનિય, નિરૂપાધિક, આત્મિક સહજ |

| | |
|---|---|
| | આનંદ પ્રાપ્ત થાય છે. |
| ૮—આયુષકર્મ— | ૮-આયુષ કર્મનો ક્ષય થવાથી અક્ષય સ્થિતિ પ્રાપ્ત થાય છે. (ફરીથી જન્મ થતો નથી. |

ઉપરનાં ચાર કર્મો અઘાતી છે.

મૂખ્ય-રીતે આ આઠ કર્મો છે. બીજી રીતે જોતાં અનેક છે; પરંતુ તે સઘળાનો સમાવેશ ઉકત આઠ કર્મોમાં થઇ જાય છે. આઠ કર્મને પરિપુર્ણ રીતે જાણવાથી અનેક કર્મોની પ્રકૃતિ, સ્થિતિ, રસ, પ્રદેશ વિગેરેને યથાર્થ રીતે જાણી શકાય છે.

૨૯—પંચપરમેષ્ટિ–

૧-મુખ્ય રીતે દેવ તથા ગુરૂ એ બે પદને નમસ્કાર કરવો કહેલ છે.

૨-જેમાંથી અરિહંત અને સિદ્ધ એ બે પદનો સમાવેશ દેવમાં થાય છે.

૩-આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણ પદનો સમાવેશ ગુરૂ પદમાં થાય છે.

આ પાંચે મળીને પંચ પરમેષ્ટિ કહેવાય છે.

૩૦-વીશ વિહરમાન તીર્થંકરો.

જઘન્ય કાળે હાલમાં ચાલતા કાળમાં વીશ

વિહરમાન તીર્થંકરો છે. તેની સમજ.

૪ જંબુદ્વીપના મહાવિદેહક્ષેત્રની ૮-૯-૨૪ ૨૫ મી વિજયમાં એકેક છે.

૮ ઘાતકી ખંડમાં બે મહાવિદેહ છે. માટે તેમાં આઠ

૮-પુષ્કરાર્ધમાં બે મહાવિદેહ છે. માટે તેમાં આઠ.

૨૦ ઉપર પ્રમાણેના ક્ષેત્રોમાં વીશ વિહરમાન પ્રભુજી ચાલું જમાનામાં વીચરે છે.

ઉત્કૃષ્ટકાળે (શ્રી અજીતનાથ પ્રભુનાં વારામાં) ૧૭૦ તિર્થંકરો વિચરતા હતા તેની સમજ.

૧૦-અઢીદ્વીપનાં પાંચ ભરત તથા પાંચ ઐરવત ક્ષેત્ર છે તે દરો ક્ષેત્રમાં એકેક તીર્થંકર પ્રભુ વિચરતા હતા.

૧૬૦-અઢીદ્વીપમાં પાંચ મહાવિદેહ ક્ષેત્ર છે. તે દરેકમાં બત્રીશ, બત્રીશ વિજય છે. એટલે કુલ સાઠ વિજય છે તે દરેક વિજયમાં એકેક તીર્થંકર હતા.

૧૭૦ ઉપર પ્રમાણે ૧૭૦ પ્રભુજી શ્રી અજીતનાથ પ્રભુનાં વારામાં વિચરતાં હતાં.

૩૧-શ્રી તીર્થંકર મહારાજ જ્યાં જ્યાં વિચરે ત્યાં ત્યાં તેમનાં ચરણકમળ નિચે દેવતાઓ નવ સુવર્ણના કમળો રચે છે. અને તેનું વખતો વખત પરાવર્તન કરે છે. એટલે નવીન જણાય છે, તેમાંથી પ્રભુજીનાં

બે ચરણ નીચે બે કમળો રહે છે. અને સાત કમળો પ્રભુજીની પાછળ ચાલે છે. ભગવંત ચરણ ઉપાડે એટલે સાતમાંથી બે કમળ દેવતાઓ આગળ સ્થાપતા જાય છે.

૩૨—સાત પ્રકારની શુદ્ધિ—

અંગ, વસન (વસ્ત્ર) મન, ભૂમિકા, પુજોપગરણ સાર
ન્યાય દ્રવ્ય, વિધિ શુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર–

ઉપર મુજબની સાતે શુદ્ધી સાચવી જે મનુષ્ય પ્રભુજીની પુજા કરે છે તેના કર્મ અલ્પ સમયમાં ક્ષય થઇ જાયછે

૩૩-નવનારૂ-

કુંભાર, કણબી, સોની, રસોયા, ગવૈયા, વાણંદ, માળી, કાછીઆ અને તંબોળી.

૩૪-નવકારૂ-

મોચી, યંત્રપીલક, ગંઠીક, છીપા, કંસારા, દરજી, લુવાર (સુતાર), ભીલ અને ધીવર.

૩૫-આયુષકર્મ તેના બે ભેદ છે.

૧-અપવર્તનીય-જે આયુષ વીષ, શસ્ત્રાદિક નીમિત્તથી સ્થિતિ બંધની અપેક્ષાએ ઘટે છે, તથા શીથિલ બાંધેલુ આયુષ ઉપક્રમ લાગતાં એકી સાથે તમામ ઉદયમાં આવી શીઘ્ર ભોગવાઇ પણ જાય છે. તે અપવર્તનીય આયુષ કહેવાય છે.

૨–અનપવર્તનીય જે આયુષ ઉપરનાં કોઈપણ કારણથી ઘટેજ નહી અનપવર્તનીય આયુષવાળાને વિષ, શસ્ત્રાદિક આયુષ્ય ઘટવાનાં નિમિત્તો પ્રાપ્ત થાય તો પણ તેની આયુષની સ્થિતી ઘટે નહીં તે સોપક્રમ અનપવર્તનીય આયુષ કહેવાય છે અને તેવા નિમિત્તો પ્રાપ્તજ ન થાય તો તેને નિરૂપક્રમ અનપવર્તનીય આયુષ કહે છે.

૩–અપવર્તનીય આયુષ નો અવશ્ય સોપ ક્રમ હોય છે,

૧–ઔપપાતીક (નારકીનાં જીવો તથા દેવતાઓ તથા અસંખ્ય વર્ષનાં આયુષવાળા ગર્ભજ મનુષ્ય તથા તીર્યંચો નીરૂપક્રમ આયુષવાળા હોય છે

૨–ચરમ શરીર સોપક્રમ અને નીરૂપક્રમ અનપવર્તનીય આયુષવાળા હોય છે.

૩–અન્ય મનુષ્યો તીર્યંચો સોપક્રમ, નીરૂપક્રમ, અપવર્તનીય અને અનપવર્તનીય આયુષવાળા હોય છે.

૩૬–નિર્જરા તેના બે ભેદ

૧–સકામ નિર્જરા—તે અભિલાષ અર્થાત કર્મ ક્ષયની ઇચ્છાથી થાય તે.

૨–અકામ નીર્જરા—કર્મ ક્ષયની ઇચ્છા શીવાય પ્રાણીઓને જે ટાઢ, તાપ, ઈત્યાદીક સહન કરવાથી થાય છે તે,

નિર્જરાનાં અભિલાષી સાધુ, સમ્યકદ્રષ્ટિ અને ઉચીત અનુષ્ઠાનમાં તત્પર મીથ્યા દ્રષ્ટિને પણ સકામ નીર્જરા હોય છે.

૩૭—ધર્મ અર્થ કામ અને મોક્ષ

તેમાં સાધ્યરૂપે કામ અને મોક્ષ એ બે પુરૂષાર્થ છે. અને ધર્મ તથા અર્થ એ બે સાધનરૂપ છે. કામનું સાધન અર્થ છે, અને મોક્ષનું સાધન ધર્મ છે. મોક્ષ આધ્યાત્મિક અને શાશ્વત સુખ રૂપ હોવાથી તે પરમ પુરૂષાર્થ છે. અને કામ પરાધીન અને બાહ્ય સુખ રૂપ છે.

૩૮-નિગોદ

સાધારણ વનસ્પતિ કાયનું શરીર તે નિગોદ. તેમાં સૂક્ષ્મ સાધારણ વનસ્પતિ કાયને સૂક્ષ્મ નીગોદ કહે છે, આ વીશ્વમાં અસંખ્યાત ગોળાઓ છે. અને અકેક ગોળામાં અસંખ્યાતી નીગોદ છે. અને અકેક નીગોદમાં અનંતા જીવો છે.

૩૯—ઉપપાત–

દેવો તથા નારકીના જીવોને ઉપજવાનુ સ્થાન તેને ઉપપાત કહે છે.

૧-દેવોને ઉપજવા માટે ઉપપાત શય્યા હોય છે.

૨-નારકીના જીવોને ઉપજવા માટે કુંભી હોય છે

તે બન્ને ઉપપાત કહેવાય છે. તેથી દેવો અને નારકી બન્ને ઔપપાતીક કહેવાય છે.

**૪૦–દ્રવ્ય મન અને ભાવ મન–**

જીવ (આત્મા) કાય યોગ વડે મનન કરવા માટે મનોવર્ગણાને (મનન કરવામાં ઉપયોગી સૂક્ષ્મ અણુઓના સ્કંધોને) ગ્રહણ કરે છે. અને ગ્રહણ કરીને મનપણે પરીણમાવે છે, તે દ્રવ્ય મન કહેવાય છે. તે દ્રવ્ય મનદ્વારા જે મનન થાય તેને ભાવ મન કહે છે, મનોદ્રવ્યને ગ્રહણ કરવામાં કાય યોગ અને મનન કરવામાં મનોયોગ કારણ છે. તે દ્રવ્ય અને ભાવ મન બન્ને સંજ્ઞી પંચેદ્રીય જીવોને હોય છે.

૪૧–પુર્વ સેવા–દેવ, ગુરૂ આદી પુજ્ય વર્ગનું પુજન, સદાચાર, તપ, મુકતી પ્રત્યે અદ્વષ, વીગેરે ધાર્મિક પ્રવૃતિ "પુર્વ સેવા" કહેવાય છે.

૪૨–અધ્યાત્મ–ઉચિત પવૃતિરૂપ અણુવ્રત તથા મહાવ્રતથી યુક્ત થઇ મૈત્રી આદિ ભાવના પુર્વક શાસ્ત્રાનુસારે જે તત્વચિંતન કરવું. તે અથવા આત્માને લક્ષી શુદ્ધજ્ઞાન ઉપયોગ સહિત શુદ્ધ ક્રિયામાં પ્રવર્તવુ તે "અધ્યાત્મ" કહેવાય છે.

**૪૩–ભાવના–તેના ઘણા પ્રકાર છે.**

અધ્યાત્મજ્ઞાનનો બુદ્ધિ સંગત જે વધારે ને વધારે અભ્યાસ કરવો તેને ભાવના કહે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૪૪–ધ્યાન તેના ઘણા પ્રકાર છે.
બીજા કોઇપણ વિષયમાં પ્રવેશ કર્યા શિવાય કોઇ એક વિષયનો જે ધારાવાહી પ્રવાહ બંધ, પ્રશસ્ત, સૂક્ષ્મબોધ, લયલીનતા તે ધ્યાન કહેવાય છે.

૪૫–સમતા–અવિદ્યા, અજ્ઞાનથી કલ્પેલી જે ઇષ્ટ તથા અનિષ્ટ વસ્તુઓ છે. તેમાં વિવેક પુર્વક તત્વ બુદ્ધિ કરવી. અર્થાત ઇષ્ટત્વ અને અનિષ્ટત્વની ભાવના દૂર કરી ઉપેક્ષા ધારણ કરવી તે સમતા કહેવાય છે.

૪૬–ૐ કાર–મંગળ વાચક છે "अवति इति ॐ" તે રક્ષા કરે છે.

૧–પંચપરમેષ્ટિનાં અથ વાચક છે. તે આ પ્રકારે અરિહંતનો अ અને સિદ્ધ એટલે અપુનર્ભવનો अ અને આચાર્યનો आ એ ત્રણેની સંધી કરતાં आ થાયછે. તેમાં ઉપાધ્યાયનો उ મેળવતાં ओ થાય છે. અને મુનિનો म જોડવાથી ॐ કારપદ સિદ્ધ થાય છે.

૨–બીજી રીતે અરિહંતનો अ પછી સિદ્ધ ભગવાનનો स (તેનો વિસર્ગ થાય છે) પછી આચાર્યનો आ તેની સંધિ કરવાથી स નો વિસર્ગ થઇ લોપ થાય છે. લોપ થયે સંધિ ન થાય (વ્યાકરણની રીતિ પ્રમાણે) પરંતુ વેદાદિકમાં સંધી થાય છે એ અપવાદ નિયમે સંધિ કરતાં आ થયો. તેમાં ઉપાધ્યાયનો उ મેળવતાં ओ થયો. અને મુનિનો म મેળવવાથી ॐકારપદ સિદ્ધ થાય છે. સંગ્રાહક **મોતીલાલ**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ॐ

**શ્રી પાર્શ્વનાથાય નમઃ**

卐

# જૈનોનાં કેટલાક પારિભાષિક શબ્દોની સંક્ષેપમાં સમજ.

## ભાગ ૩ જો.

**૧–આચાર**—મર્યાદા પ્રમાણે વર્તવું તે.

**૧–સાધુ આચાર**—સાધુ તથા સાધ્વીઓએ સંસારનો ત્યાગ કરી સિદ્ધાંતમાં ઉપદેસેલી મર્યાદા પ્રમાણે વર્તવું તે.

**૨ શ્રાવકાચાર**—શ્રાવક તથા શ્રાવીકાઓએ સંસારનો ત્યાગ કરવા અશકત હોવાથી સિદ્ધાંતમાં ઉપદેશેલી મર્યાદા મુજબ ગૃહસ્થ ધર્મમાં રહી તેનું પાલન કરવું તે.

આ આચાર પાંચ પ્રકારે છે.

| | |
|---|---|
| ૧–જ્ઞાનાચાર | ૨–દર્શનાચાર |
| ૩–ચારિત્રાચાર | ૪–તપાચાર |
| ૫–વીર્યાચાર | |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપરનાં પાંચે આચાર સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવીકાએ પોતપોતાની મર્યાદા મુજબ યથાશક્તિ પાળવ ના છે.

પાંચ પ્રકારના આચારમાં જ્ઞાનાચારને પ્રથમ પદ આપવામાં આવેલું છે. વસ્તુના સ્વરૂપનો યથાર્થ બોધ થવો તે જ્ઞાન કહેવાય છે. તે સંબંધી આચાર આઠ પ્રકારે પાળવાની સિદ્ધાંતમાં આજ્ઞા છે. તેમાં જે દોષ લાગે તેને જૈન ભાષામાં અતિચાર કહે છે.

## જ્ઞાનાચારના આઠ પ્રકાર.

૧–**કાળાચાર**—સિદ્ધાંતમાં જે કાળે, જે અવસરે, જે શાસ્ત્ર ભણવાની આજ્ઞા કરેલી છે. તેજ કાળે, તેજ અવસરે, તેજ ભણવું તે.

૨-**વિનયાચાર**—જ્ઞાન તથા જ્ઞાની પ્રત્યે વંદન, પૂજન, નમસ્કાર પ્રમુખથી ઉચીત વ્યવહાર સાચવવો તે.

૩-**બહુમાનાચાર**—જ્ઞાન તથા જ્ઞાની ઉપર નીરંતર અંતઃકરણ પૂર્વક પ્રેમ રાખવો તે.

૪–**ઉપધાનાચાર**—જે જે સૂત્રને ભણતાં તપ પ્રમુખથી યોગ વહન કરવા અથવા ઉપધાન વહન કરવા તે.

૫-**અનિન્હવણાચાર**—જે વિદ્યાગુરૂ પાસે પોતે ભણ્યુલ હોય અથવા ભણતો હોય તેનો ઉપકાર માનવો તથા તેને ઓળવવો નહીં તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૬-**સૂત્રાચાર**—શબ્દ કે અક્ષર અશુદ્ધ નહી ભણતા શુદ્ધ ભણવા અને તેનો ઉચ્ચાર પણ શુદ્ધ કરવો તે

૭-**અર્થાચાર**—સૂત્ર કે શબ્દનો અર્થ શુદ્ધ ભણવો તથા શુદ્ધ કહેવો તે.

૮-**તદ્દાઉભયાચાર**—સૂત્ર તથા અર્થ બંન્ને શુદ્ધ ભણવાં તથા બંન્ને શુદ્ધ કહેવા તે.

### દર્શનાચારના આઠ પ્રકાર.

જીનેશ્વરોએ કહેલા તત્વોને વિષે યથાર્થ રૂચી તથા આત્મ સ્વરૂપનો યથાર્થ અનુભવ તે સમકીત દર્શન કહેવાય છે. અત્રે દર્શન શબ્દ સમકીતનાં અર્થમાં લેવો.

૧ **નિઃશંકાચાર**—શ્રી વીતરાગ પરમાત્માએ જે જે વસ્તુઓનું જે જે પ્રમાણે સ્વરૂપ કહેલું છે, તેજ પ્રમાણે સત્ય માનવુ. પણ તેમાં શંકા ન રાખવી તે.

૨-**નીઃકાંક્ષાચાર**—જૈનધર્મ સીવાયના બીજા મતવાળાઓની તપશકિત, જ્ઞાનશકિત, મંત્રશકિત વિગેરેથી ચમત્કારો કરી બતાવે તોપણ તેના મતની અભિલાષઃ કરવી નહીં તે.

૩-**નિર્વિતિગિચ્છાચાર**—જૈનધર્મ સંબંધી ક્રિયા, અનુષ્ઠાન કરતાં ( સામાયિક, પ્રતિક્રમણ, તપ વિગેરે ) તેનું ફળ મળશે કે નહીં. એવો લેશમાત્ર પણ સંદેહ મનમાં લાવવો નહીં. અને સાધુ, સાધ્વીઓના મલીન થયેલા

શરીર-વસ્ત્રો દેખી સુગ ચઢાવવી નહીં તથા તેઓની નિંદા કરવી નહી તે.

૪-**અમુઢદ્રષ્ટિઆચાર**—અન્ય મતવાળાઓના ચમત્કારી કાર્યો દેખી તેઓના મતમાં પણ ધર્મ છે. એવો વ્યામોહ ન કરવો અથવા જૈનધર્મને વિષે જીવવિચાર, નવતત્વાદિક સંબંધીનાં સૂક્ષ્મ વિચારના સ્વરૂપમાં મુંઝાયા વિના તેનાં જાણકાર પ્રવિણ પુરૂષો પાસેથી તે સંબંધીના ખુલાસા પુછી માહીતગાર થાવું તે.

૫-**ઉપબ્રહંકાચાર**—ગુણવંત સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાના અલ્પગુણની પણ શ્રદ્ધાપૂર્વક પ્રશંસા કરવી તે.

૬-**વાત્સલ્યાચાર**—જે જે મનુષ્યો જૈનધર્મ પાળતા હોય તેઓની ભક્તિ તથા સત્કાર કરી યથાશક્તિ તેઓના દુઃખો ટાળવા પ્રયત્ન કરવો. અને તેમની સાથે મિત્રતા રાખવી તે.

૭-**સ્થિરીકરણાચાર**—જૈનધર્મીનાં શાસ્ત્રોનો જૈનોને તથા અન્યજીવોને ઉપદેશ આપી, જૈનધર્મમાં સ્થિર કરવા તે.

૮-**પ્રભાવનાચાર**—જે જે કાર્યો કરવાથી અન્યદર્શનીઓ પણ "જૈનધર્મીને ધન્ય છે કે આવા ઉત્તમ કાર્યો કરે છે" એવી અનુમોદના સાથે પ્રશંસા કરે તથા પોતે સદાચરણથી ચાલી બીજા જીવોને સમ્યગદર્શન પમાડે તે.

## ચારિત્રાચારનાં આઠ પ્રકાર.

૫–સમિતિ. ૩–ગુપ્તિ.

અરીહંત પરમાત્માના સિદ્ધાંતને અનુસારે ઉત્તમ પ્રકારે વર્તવું. તેને સમિતિ કહે છે. તેનાં પાંચ ભેદ નીચે મુજબ છે.

૧-**ઇર્યાસમિતિ**—સૂર્યના કીરણોથી ચુંબીત થયેલા તથા મનુષ્યોના પગરવવાળા થયેલા માર્ગમાં જીવોની રક્ષા માટે નીચીદ્રષ્ટિ રાખી જોઇને ચાલવું તે

૨-**ભાષાસમિતિ**—પાપરૂપ દોષનાં અભાવવાળુ, સર્વને પ્રીય લાગે તેવું, સત્ય, અને પ્રમાણવાળુ જે વચન બોલવું તે.

૩ **એષણાસમિતિ**—ભિક્ષાનાં બેંતાલીશદોષથી રહિત એવું અન્નપાનાદિક મુનિમહારાજાઓએ ગ્રહણ કરવું તે.

૪-**આદાનભંડમત્તનિક્ષેપણા સમિતિ**—વસ્ત્ર, શય્યા આસન, પાત્રાદિક સાવધાનતાથી જોઇ યતનાપૂર્વક પ્રમાર્જીને ( સાફ કરીને ) ગ્રહણ કરવા તથા મુકવા તે

૫ **પરિષ્ટાપનિકા સમિતિ**—પોતાના મળ, મૂત્ર કફ. વિષ્ટા વિગેરે જીવવિનાની ભૂમિકા ઉપર મુનિરાજે જયણાપૂર્વક પરઠવવા તે

મોક્ષનાં અભિલાષી પ્રાણીઓએ પોતાના આત્મરક્ષણ માટે મન-વચનાદિ યોગનો નિગ્રહ કરવો તે ગુપ્તિ કહેવાય. તેના ત્રણ ભેદ નીચે મુજબ છે.

૧-મનોગુપ્તિ—તેના ત્રણ પ્રકાર છે.

૧-ખરાબ ધ્યાનવાળી કલ્પનાથી રહિત.

૨-સિદ્ધાંત અનુસારે આત્મહિત કરવામાં ઉત્તમ ધ્યાન-યુકત કલ્પનાવાળી.

૩-આત્મરમણતાવાળી, મનની ચંચળતાનો નિરોધ કરનારી

૨-વચનગુપ્તિ—કરપલ્લવી, (હાથનો ઇસારો) નેત્રપલ્લવી, (આંખનો ઇસારો) વિગેરે કાર્ય સાધવાવાળી ચેષ્ટાઓ તજી મૌન ધારણ કરવું અથવા વચનવૃતિનો તદ્દન નિરોધ કરવો તે.

૩-કાયગુપ્તિ—તેના બે પ્રકાર છે.

૧-દેવ, મનુષ્ય તથા તિર્યંચોથી થતાં ઉપસર્ગ વખતે તથા ક્ષુધા, તૃષા, વિગેરેના પરિસહો વખતે તથા કાયોત્સર્ગમાં (કાઉસગમાં) રહેલા હઇએ તે વખતે શરીરને નિશ્ચલ રાખવું તે.

૨-આશન, શયન વિગેરે લેતાં તથા મુકતા અને ગમનાગમન કરતાં (જતા આવતા) શરીરને યતના-પૂર્વક પ્રવર્તાવવું તે.

ઉપર કહેલી પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિ તે મુનિરાજનાં ચારિત્રરૂપ શરીરને જન્મ આપનાર હોવાથી તથા ઉપદ્રવોથી રક્ષણ કરનાર હોવાથી તથા ચારિત્રનાં દોષને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નિવારી નિર્મળ કરનાર હોવાથી તેમને ચારિત્રની માતાઓ કહેલી છે, અર્થાત્ પ્રવચન માતાઓ પણ કહેવાય છે.

ઉપર કહેલી અષ્ટ પ્રવચન માતાઓને સાધુ તથા સાધ્વીઓએ નિરંતર તથા શ્રાવક અને શ્રાવિકાઓએ પોષહપ્રમુખમાં પાળવની છે.

ચારિત્રની વ્યાખ્યા—સર્વ સાવદ્યયોગનો ત્યાગ તે અથવા સર્વ પ્રકારની કર્મરાશીનો નાશ કરે તે અથવા મન, વચન અને કાયાના યોગને સ્થિર કરે તે. એવી રીતે ચારિત્રની વ્યાખ્યા છે.

## ચારિત્રનાં બે પ્રકાર છે.

૧–સર્વવિરતિ ચારિત્ર—તે તો મહાવ્રતધારી સાધુ તથા સાધ્વીઓને હોય છે.

૨–દેશવિરતિ ચારિત્ર—તે શ્રાવક તથા શ્રાવીકાઓને હોય છે.

સર્વવિરતિ ચારિત્રમાં બાર પ્રકારની અવિરતિનો સર્વથા ત્યાગ હોય છે અને દેશવિરતિ ચારિત્રમાં તે અવિરતિનો દેશથી ત્યાગ હોય છે.

## બાર અવિરતિ નીચે પ્રમાણે છે.

૫—પાંચ ઇંદ્રિયોને પોતપોતાના વિષયોમાં યથારૂચિ પ્રવર્તવા દેવી તે પાંચ અવિરતિ છે.

૧—મનને કોઇપણ પ્રકારના પાપકર્મમાંથી અટકાવવું નહીં તે. એક

૬—પાંચ સ્થાવરજીવ તથા છઠા ત્રસજીવની હિંસામાં પ્રવર્તી કરવી તે છ

ઉપર પ્રમાણે બાર પ્રકારની અવિરતિ છે.

## તપાચાર.

કર્મરૂપી બંધનને ભસ્મ કરવા સારૂ ઇચ્છા નિરોધરૂપી અગ્નિને પ્રગટ કરવો તે તપ કહેવાય છે. જેમ અશુદ્ધ સુવર્ણ અગ્નિથી શુદ્ધ થાય છે તેમ.

તપનાં મૂખ્ય બે ભેદ છે.

૧—બાહ્યતપ. ૨—અભ્યંતર તપ.

એ બન્નેના વળી છ છ ભેદ છે.

### બાહ્યતપનાં છ ભેદ નીચે પ્રમાણે.

૧-**અનશન તપાચાર**—જ્યાંસુધી જીવીએ ત્યાંસુધીનો અ-થવા જેટલા કાળનો નિયમ લઇએ તેટલા કાળસુધી કાંઇપણ ખાવું તથા પીવું નહી તે.

૨-**ઉણોદરી તપાચાર**—પોતાને ભુખ હોય તે કરતાં ચોથા અથવા ત્રીજા ભાગ જેટલુ ઓછું ખાવું તે.

૩-**વૃત્તિસંક્ષેપ તપાચાર**—મુનીરાજે ગોચરી જતાં (વહો-રવા જતાં) જેટલા ઘરની સંખ્યા મનમાં ધારી હોય તેટલાજ ઘરેથી જો નિર્દોષ આહાર મળે તો લેવો નહી-તર ઉપવાસ કરવો તે, અથવા અભિગ્રહધારી અમુક અમુક વસ્તુઓજ ફક્ત ગ્રહણ કરવી તે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૪–રસત્યાગ તપાચાર—દારૂ, માંસ, માખણ તથા મધ એ ચાર રસનો તો જાવજીવસુધી ત્યાગ કરવો. તથા ઘી તેલ, દૂધ, દહીં, ગોળ તથા તળેલી વસ્તુઓ એ છ વિગયમાંથી યથાશકય એક, બે કે ત્રણ વિગયોનો દરરોજ ત્યાગ કરવો તે.

૫ કાયકલેશ તપાચાર—ઉષ્ણકાળમાં આતાપના લેવી, શીતઋતુમાં ટાઢ સહન કરવી, લોચ કરાવવો, ઉઘાડે પગે (પગરખા પહેર્યા વગર) ચાલવું, ભૂમિઉપર સુવું. તથા ગમે તેવી પીડા ઉત્પન્ન થયેથી શાંત મન રાખી શરીર ઉપર પડતું દુઃખ સહન કરવું તે.

૬–સંલીનતા તપાચાર—એકાંતસ્થાનમાં રહેવું, કુકડીની પેઠે હાથપગ વિગેરે અંગોપાંગ સંકોચીને સૂવું, વિષય તથા કષાયને મંદ કરવા તે.

## અભ્યંતર તપનાં છ ભેદ નીચે પ્રમાણે.

૧–પ્રાયશ્ચિત તપાચાર—ચારિત્રમાં દોષ લાગે તે ગુરૂની પાસે સરલ અંતઃકરણથી પ્રગટ કરવો અને તે પાપનું નિવારણ કરવામાં ગુરૂ જે આલોચના (પ્રાયશ્ચિત) આપે તે શુદ્ધ રીતે કરવી તે.

૨ વિનય તપાચાર—વડીલ તથા ગુરૂની સાથે અંતઃકરણપૂર્વક નમ્રતાથી વર્તવું તે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૩ **વૈયાવચ્ચ તપાચાર**—ગુરૂ તથા વડીલોને આહારપાણી વિગેરે લાવી આપવારૂપ ભક્તિ કરવી, તથા તેમનાં હાથ પગ પ્રમુખ ચાંપવા તથા વ્યાધી ઉત્પન્ન થતાં તેઓની દવા વિગેરેથી સર્વ પ્રકારે સેવા કરવી તે

૪–**સ્વાધ્યાય તપાચાર**—તેનાં પાંચ પ્રકાર છે.

૧–**વાંચના**—શાસ્ત્રનું અધ્યયન કરવું તે.

૨ **પૃચ્છના**—શાસ્ત્ર ભણતાં શંસય પડે તે દુર કરવા પૂછવું તે.

૩ **પરાવર્તના**—ભણેલું ભુલી જવાય નહી તે માટે તે વારંવાર સંભાળવું-ગોખવું તે.

૪ **અનુપેક્ષા**—શાસ્ત્રનાં તત્વસ્વરૂપનું ચિંતવન મનન કરવું તે.

૫ **ધર્મકથા**—તીર્થંકર, ગણધર પ્રમુખ ગુણવાળા પુરૂષોની કથા, વાર્તા કરવી તે.

૫ **ધ્યાન તપાચાર**—સંસારીક વિષયોના ચિંતવનમાં નહીં પડતાં ધર્મના તત્વોના સ્વરૂપમાંજ એકાગ્રતા કરવી, તેના પ્રકારો સમજવા તે.

૬ **કાયોત્સર્ગ તપાચાર**—કર્મનો ક્ષય કરવા માટે શરીરનો વ્યાપાર સર્વથા બંધ કરી આત્મસ્વરૂપમાંજ લીનતા કરવી તે.

## વીર્યાચાર.

શ્રી તીર્થંકરદેવે ધર્મકાર્યમાં યથાશકિત પોતાનું બળ ફોરવવાની જે જે રીતે આજ્ઞા આપેલી છે તે તે રીતે પોતાના

બળને પ્રવર્તાવવું તેનું નામ વીર્યાચાર છે અને તેના ત્રણ પ્રકાર છે.

**૧ મનવીર્યાચાર**–પોતાનું જેટલું મનોબળ હોય તેટલું ધર્મકાર્યમાં યથાશકિત ચલાવવામાં ઉત્તમ વિચારો કરવા જેથી ધર્મનાં કાર્યો સિદ્ધ થાય તે.

**૨–વચનવીર્યાચાર**–પોતાનું જેટલુ વચનબળ હોય તેનો ધર્મકાર્યમાં યથાશકિત ઉપયોગ કરવો તે

**૩–શરીરવીર્યાચાર**–પોતાના શરીરબળનો ધર્મકાર્યમાં યથાશકિત એવો ઉપયોગ કરવો કે જેથી ધર્મના કાર્યો સિદ્ધ થાય તે.

૨–કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી ભવ્યજીવોને પ્રતિબોધ દેવા માટે વિચરતાં અરીહંત ભગવાનના બારગુણો નીચે પ્રમાણે જાણવા.

**૪–મુળઅતિશય**—આશ્ચર્યકારક ઘટના જન્મથીજ હોય છે. માટે તે સ્વાભાવિક સહજાતિશય પણ કહેવાય છે.

**૧– અપાયાપગમાતિશય**—( અપાય, ઉપદ્રવ તેનો અપગમ-નાશ ) તેના બે પ્રકાર છે.

**૧–સ્વાશ્રયી**—એટલે પોતાના સંબંધમાં અપાય એટલે ઉપદ્રવનો દ્રવ્ય તથા ભાવથી નાશ કર્યો છે તે.

અ-દ્રવ્ય ઉપદ્રવ—સર્વ જાતનાં રોગો જેના ક્ષય થઇ ગયા છે તે.

વ-ભાવઉપદ્રવ—અંતરંગનાં અઢાર દૂષણોનો જેમણે નાશ કર્યો છે તે.

**અઢાર દૂષણનાં નામ**

૧ દાનાંતરાય. ૨ લાભાંતરાય. ૩ ભોગાંતરાય ૪ ઉપભોગાંતરાય. ૫ વીર્યાંતરાય. ૬ હાસ્ય ૭ રતિ. ૮ અરતિ. ૯ ભય. ૧૦ શોક. ૧૧ જુગુપ્સા, નિંદા. ૧૨ કામ. ૧૩ મિથ્યાત્વ. ૧૪ અજ્ઞાન. ૧૫ નિંદ્રા. ૧૬ અવિરતિ. ૧૭ રાગ. ૧૮ દ્વેષ.

**૨-પરાશ્રયી અપાયાપગમાતિશય**— એટલે-બીજાઓના ઉપદ્રવનો નાશ કરનારા. એટલે જ્યાં ભગવંત વિચરે ત્યાંની ચારે દિશામાં તથા ઊર્ધ્વ અને અધોભૂમિમાં મળી સવાસો જોજન પર્યંત રોગ, મરકી, વૈરવિરોધ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, દુકાળ વિગેરે પ્રાયે થાય નહીં.

ઉપર પ્રમાણે અપાયાપગમાતિશય જાણવો.

**૨-જ્ઞાનાતિશય**—આ અતિશયથી ભગવંત લોકાલોકનાં સ્વરૂપને યથાર્થ સર્વ પ્રકારે જાણે છે. કારણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયેલ છે. તેથી કાંઇપણ તેનાથી અજ્ઞાત રહી શકતું નથી.

૩-**પુજાતિશય**—આ અતિશયથી ભગવંતની પૂજા ઇંદ્રાદિદેવતા, ચક્રવત, વાસુદેવ, બળદેવાદિક રાજાઓ પણ કરે છે. અને પ્રભુની કૃપાથી સર્વે પૂજ્ય થાય છે.

૪-**વચનાતિશય**—આ અતિશયથી ભગવંતની વાણી દેવતા, મનુષ્ય, તિર્યંચ વિગેરે સર્વ પોતપોતાની ભાષામાં સમજી જાય છે. કારણ તેમની વાણી અર્ધમાગધી ભાષામાં પાંત્રીશગુણે કરી યુક્ત સંસ્કારાદિક ગુણવાળી હોય છે.

## પાંત્રીશ ગુણોના નામ.

૧ સમવસરણની એક યોજન ભૂમિકામાં સર્વને સરખી રીતે સંભળાય તેવી.
૨ સર્વ ઠેકાણે સંભળાય તેવી.
૩ પ્રૌઢતાવાળી.
૪ મેઘ જેવી ગંભીર.
૫ સ્પષ્ટ શબ્દવાળી.
૬ સર્વેને સંતોષકારક.
૭ પુષ્ટ અર્થવાળી.

૮ દરેક વ્યક્તિ એમજ સમજે કે પ્રભુ મનેજ ઉદ્દેશીને કહે છે તેવી.
૯ સંદેહ વગરની.
૧૦ પૂર્વાપર વિરોધ રહિત.
૧૧ પ્રયોજન સહિત.
૧૨ મહાપુરૂષને છાજે તેવી.
૧૩ મધુરતાવાળી.
૧૪ દૂષણરહિત અર્થવાળી.
૧૫ પદરચના સહિત.
૧૬ કઠણ વિષયને પણ સહેલો કરે તેવી.
૧૭ જ્યાં જેવું જોઇએ ત્યાં તેવુંજ બોલાય તેવી.
૧૮ ધૈર્યતાવાળી.
૧૯ ષટદ્રવ્ય અને નવતત્વને પુષ્ટ કરે તેવી.
૨૦ પારકો મર્મ જણાઇ ન જાય તેવી ચતુરાઈવાળી.
૨૧ ધર્મ, અર્થ એ પુરૂષાર્થને સાધનારી.
૨૨ દીપકસમાન અર્થને પ્રકાશ કરનારી.
૨૩ પરનિંદા અને આત્મશ્લાઘા વગરની.
૨૪ કર્તા, કર્મ, ક્રિયાપદ, કાળ તથા વિભક્તિ સહિત.
૨૫ ચૌભંગી તથા સાત નયે કરીને યુક્ત.
૨૬ સાંભળનારને આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવી.
૨૭ વક્તા સર્વગુણ સંપન્ન છે એવું જેમાં સ્પષ્ટ સમજાય તેવી.

૨૮ વિલંબતા રહિત.
૨૯ બારે પર્ષદા તથા તિર્યંચો પોતપોતાની ભાષામાં સમજે તેવી.
૩૦ ભ્રાંતિ રહિત.
૩૧ શિષ્ટ બુદ્ધિ ઉપજાવે તેવી.
૩૨ પદનાં અર્થને અનેકપણે આરોપણ કરે તેવી.
૩૩ સાહસિકપણે બોલે તેવી.
૩૪ પુનરૂક્તિ દોષ વર્જની,
૩૫ સાંભળનારને ખેદ ન થાય તેવી.

ઉપર પ્રમાણે ચાર અતિશયો જન્મથીજ હોય છે.

૯ પ્રાતિહાર્ય—એટલે ચોપદાર, છડીદારની જેમ પ્રભુજીની સાથેજ ચાલનારા

૧–અશોકવૃક્ષ—જ્યાં ભગવંતનું સમવસરણ રચાય ત્યાં ભગવંતનાં શરીરથી બારગણું ઉંચુ આસોપાલવનું વૃક્ષ દેવતાઓ રચે છે, અને તેની નીચે બેસી પ્રભુજી ધર્મોપદેશ આપે છે.

૨ સુરપુષ્પવૃષ્ટિ—એક જોજન પ્રમાણવાળા સમવસરણની ભૂમિમાં જળમાં તથા સ્થળમાં ઉત્પન્ન થયેલાં પંચવર્ણી રંગનાં સુગંધી પુષ્પોની વૃષ્ટિ ઢીંચણ પરમાણ દેવતા કરે છે અને તે કુલોનાં ડીંટા નીચે જમીન ઉપર પડે તેમ ચત્તા પડે છે

૩-**દિવ્યધ્વની**—પ્રભુજીની વાણીને માલકોશ રાગ, વીણા, વાંસળી આદિકનાં સ્વરવડે દેવતાઓ પુરે તે.

૪-**ચામર**—રત્નજડીત સુવર્ણની ડાંડીવાળા ચાર જોડી શ્વેત ચામરો સમવસરણમાં દેવતાઓ ભગવંતને વીંઝે છે તે.

૫-**સિંહાસન**—ભગવંતને બેસવા માટે રત્નજડીત સુવર્ણમય સિંહાસન દેવતાઓ રચે છે તે.

૬-**ભામંડળ**—ભગવંતનાં મસ્તકની પાછળનાં ભાગમાં શરદ્ઋતુના સૂર્યના કીરણની જેવું ઉગ્ર તેજવાળું ભામંડળ ( તેજનું માંડળુ ) દેવતાઓ રચે છે તે ભગવંતનાં તેજને પોતામાં સંહરી લે છે. તે જો ન હોય તો ભગવંતનાં મુખ સામુ આપણાથી જોઈ પણ ન શકાય એટલુ બધુ પ્રભુના મુખનું તેજ હોય છે.

૭-**દુંદુભિનાદ**—ભગવંતનાં સમવસરણમાં દેવતાઓ દેવદુંદુભી વિગેરે વાજીંત્રો વગાડે છે તે એમ સૂચવે છે કે–હે ભવ્યો ! તમે શિવપુરીના સાર્થવાહતુલ્ય એવા આ પ્રભુને સેવો.

૮-**છત્ર**—સમવસરણમાં ભગવંતનાં મસ્તક ઉપર શરદઋતુનાં ચંદ્રતુલ્ય ઉજ્જવળ અને મોતીનાં હારવડે સુશોભીત ઉપરાઉપર ત્રણ છત્રો દેવતાઓ રચે છે તે. તીર્થંકર ભગવાન સમવસરણમાં પૂર્વાભિમુખે બેસે છે કે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તુરતજ બીજી ત્રણ દિશામાં ભગવંતનાં જેવાજ ત્રણ પ્રતિબીંબો દેવતાઓ સ્થાપે છે. તેથી ચારે દિશાનાં મળીને બાર છત્રો સમવસરણમાં હોય છે. અન્ય વખતે ત્રણ છત્રો હોય છે. તે એમ સૂચવે છે કે ત્રણભૂવનનાં સ્વામી એવા આ ભગવંતને હે ભવ્યો! તમે સેવો.

ઉપર પ્રમાણે અરીહંત ભગવંતનાં બાર ગુણો જાણવા. સમવસરણ ન હોય ત્યારે પણ આઠ પ્રાતિહાર્ય તો પ્રભુજી પાસે હોયજ છે,

૩-દરેક તીર્થંકરને ચોત્રીશ અતિશય નીચે પ્રમાણે હોય છે.

૪-ચાર અતિશય જન્મથીજ હોય છે.

૧-પ્રભુજીનું શરીર અનંતરૂપમય, સુગંધમય, રોગરહિત, પ્રસ્વેદ ( પરસેવા ) રહિત, અને મેલરહિત હોય છે.

૨-પ્રભુજીના શરીરમાં રૂધીર તથા માંસ ગાયના દુધ જેવા શ્વેત અને દુર્ગંધ વગરના હોય છે,

૩-પ્રભુજીનાં આહાર ( જમવાની ક્રિયા ) તથા નિહાર (દિશાએ જવાની ક્રિયાં) ચમ ચક્ષુ વાળાઓથી અદૃશ્ય હોય છે. (દેખાતા નથી)

૪-પ્રભુજીના શ્વાસો શ્વાસની સુગંધ કમળ જેવી સરસ હોય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૧–અગીયાર અતિશય તીર્થંકર ભગવાનને કેવળ જ્ઞાન થાય ત્યારે થાય છે. તેથી તે કર્મ ક્ષય જાતિ અતિશય કહેવાય છે. નીચે એકથી સાત કલમમાં જણાવેલા રોગાદિક સાત ઉપદ્રવો ભગવંત જ્યાં પધારે ત્યાં ચારે દિશામાં ફરતા પચીશ, પચીશ યોજન સુધી થાય નહી

૧–વૈર વિરોધ પ્રગટે નહીં.

૨–મારી કે મરકીનો રોગ ઉત્પન્ન થાય નહી.

૩–અતિવૃષ્ટિ–હદ ઉપરાંત વરસાદ થાયજ નહી.

૪–અનાવૃષ્ટિ–વરસાદનો તદન અભાવ થાયજ નહી

૫–દુર્ભિક્ષ–દુકાળ પડે નહી.

૬–સ્વચક્રભય કે પરચક્રભય (સ્વરાજ્ય તરફથી કે પરરાજ્ય તરફથી) થાય નહી.

૭-ફક્ત એક યોજન પ્રમાણ સમવસરણમાં દેવતા, મનુષ્ય તથા તિર્યંચો ક્રોડા ક્રોડી સમાઇ જાય (ક્રોડને ક્રોડે ગુણવાથી ક્રોડા ક્રોડી થાય છે) આટલા બધા પ્રાણીઓ ભેગા થાય છે છતાં સંકડામણ થતી નથી.

૮–ભગવંતની વાણી દેવતા, મનુષ્ય તથા તિર્યંચો પોત પોતાની ભાષામાં સમજી જાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૯–ભગવંતની વાણી એક યોજન પર્યંત સૌને એક સરખી રીતે સંભળાય છે.

૧૦–સૂર્ય કરતાં પણ બાર ગણા તેજવાળું ભામંડળ પ્રભુજીના મસ્તક પાછળ હોય છે. તેમાં પ્રભુજીનું તેજ સંક્રમણ થઇ જાય છે એટલે સર્વે લોકો પ્રભુજીની સન્મુખ સુખ પૂર્વક જોઇ શકે છે.

૧૧–તીર્થંકર ભગવાન વિચરે ત્યાં ચારે દિશાઓમાં ફરતાં પચીશ, પચીશ યોજન સુધી પુર્વે ઉત્પન્ન થયેલા રોગોનો નાશ થઇ જાય અને નવા રોગો ઉત્પન્ન થાય નહીં.

૧૯–ઓગણીશ અતિશય દેવતાઓ કરે છે. તેથી તે દેવકૃતાતિશય કહેવાય છે.

૧–આકાશમાં ધર્મ ચક્ર પ્રભુજીની આગાઉ ચાલે છે

૨–પ્રભુજી સમવસરણમાં બીરાજે ત્યારે બાર જોડી ચામર અણુવિંઝયા વિંઝાય છે.

૩–પાદપીઠ સહીત સ્ફટીક રત્નનું હેમમય ઉજ્વળ સિંહાસન આકાશમાં ચાલે છે.

૪–પ્રભુજી સમવસરણમાં બીરાજે ત્યારે ચારે દિશાઓમાં ત્રણ ત્રણ છત્ર ભગવંતનાં મસ્તક ઉપર રહે છે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૫–રત્ન જડીત સુવણુમય ધર્મધ્વજ હોય છે. તેને ઈંદ્ર ધ્વજ પણ કહેછે. અને તે પ્રભુજીની આગળ ચાલે છે.

૬–પ્રભુજી વિહાર કરે (દેશો દેશમાં ફરે) તે વખતે રસ્તામાં દેવતાઓએ રચેલા નવ સુવર્ણ કમળો પૈકી બે ઉપર પ્રભુજી પગ મુકીને ચાલે અને સાત પાછળ હોય તેમાંથી વારા ફરતી બબે પ્રભુજીનાં પગ આગળ આવતાં જાય તેની ઉપર પગ મુકતા મુકતા પ્રભુજી ચાલે.

૭–દેવતાઓ સમવસરણ રચે તેમાં પ્રથમ મણીનો બીજો સુવર્ણનો અને ત્રીજો રૂપાનો એવી રીતનાં ત્રણ ગઢ રચે તેમાં પ્રથમનાં મણીમય ગઢમાં બાર પર્ષદાઓ બેસે છે. બીજા સુવર્ણમય ગઢમાં તિર્યંચો બેસે છે અને ત્રીજા રૂપામય ગઢમાં સર્વેના વાહનો રહે છે. (વિમાન, મોટર, ઘોડા ગાડી, પાલખી, મ્યાના વિગેરે) તિર્યંચો પ્રભુજીની દેશનાં સાંભળવા આવે છે તે વખતે વૈર વિરોધ રહિત થઇ જાય છે એટલે કે–મોર ને સર્પ, વાઘ ને મૃગ, ઉંદર ને બીલાડી વિગેરે જાતિ વૈરવાળા પ્રાણીઓ પણ જોડા જોડ બેસીને પ્રભુજીની વાણી સાંભળે છે. તે પ્રભાવ પ્રભુજીનો જાણવો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૯-ભગવંત સમવસરણુમાં વાંભિમુખ બેસીને ધર્મની દેશના આપે છે પરંતુ ચારે દીશા તરફના લોક સમુહ એમ જાણે છે કે-'પ્રભુ અમારી સન્મુખ બેસીનેજ દેસના આપે છે. તે પ્રભાવ પણુ પ્રભુજી નોજ જાણવો (બાકીની ત્રણે દિશાઓમાં પ્રભુજીના સદશ તણુ પ્રતિબીંબો વ્યંતર દેવતાઓ સ્થાપે છે)

૬-પ્રભુજીનાં શરીરનાં માપથી બારગણું ઉંચુ અશોક વૃક્ષ (આસોપાલવનું ઝાડ) નાની દેવજા પતાકા, ઘંટડીઓ, છત્ર વગેરેથી યુક્ત વ્યંતર દેવતાઓ રચે છે.

૧૦-પ્રભુજી વિચરે એટલે ચાલે ત્યારે કાંટાઓ અધો મુખે એટલે અવળા થઇ જાય છે.

૧૧-પ્રભુજી વિચરે ત્યારે તમામ વૃક્ષો નીચા નમી નમી ભગવંતને પ્રણામ કરે છે.

૧૨-પ્રભુજી વિચરે તે વખતે આકાશમાં દેવ દુદુંભી નામનું વાજીંત્ર વાગે છે,

૧૩-પ્રભુજી વિચરે ત્યાં એક જોજન પર્યંત અનુકુળ સુગંધમય વાયુ વાય છે.

૧૪-પ્રભુજીનાં વિહાર વખતે મોર વિગેરે શુભ પક્ષીઓ પ્રદક્ષિણા દેતા ફરે છે.

૧૫-પ્રભુજીના વિહાર વખતે સુગંધમય જળની વૃષ્ટિ થાય છે.

૧૬-પ્રભુજીનાં સમવસરણમાં જળમાં તથા સ્થળમાં ઉગેલાં પંચવર્ણી રંગવાળા સુગંધી પુષ્પોની વૃષ્ટ ઢીંચણ પ્રમાણ થાય છે.

૧૭-સંયમ લીધા પછી ભગવંતનાં મસ્તક તથા દાઢી તથા મુછના કેશો તથા નખ વૃદ્ધિ પામતા નથી

૧૮-જઘન્યતાથી ચારે નિકાયના એક ક્રોડ દેવતાઓ હમેશાં પ્રભુજીની પાસે રહે છે.

૧૯-સર્વ ઋતુઓ અનુકુળ વર્તે છે.

ઉપર જણાવ્યા પ્રમાણે ચાર મૂળ અતિશય તથા કેવળજ્ઞાન થયા પછીનાં અગીયાર અતિશય તથા દેવતાઓએ કરેલા ઓગણીશ અતિશય એત્રણે મળીને ચોત્રીશ અતિશય તીર્થંકર ભગવતને હોય છે. તે ચોત્રીશે અતિશયોનો ભગવંતના બાર ગુણમાં આપેલા ચાર અતિશયમાં સમાવેશ થઇ જાય છે.

ઉપરના ચોત્રીશ અતિશયો તીર્થંકર ભગવંત શીવાય અન્ય દેવોને હોતા નથી. માટેજ તીર્થંકર દેવ દેવાધવ કહેવાય છે.

૪-ગ્રંથી ભેદ-ગ્રંથી એટલે રાગ-દ્વેષની ગહન ગાંઠ. ભેદ એટલે તેને છેદી નાંખવી તે.

આત્મા ઉપર જ્યારે મોહનો પ્રભાવ ઓછો થવા માંડે છે. ત્યારે તે વિકાશ તરફ આગળ વધવા માંડે છે, અને તીવ્રતર રાગ-દ્વેષને મંદ કરતો છતો, મોહની પ્રથમ શક્તિ જે દર્શન મોહનીય કર્મ તેને છિન્ન ભીન્ન કરવા યોગ્ય આત્મ બળ મેળવી લે છે. એ સ્થિતિને જૈન શાસ્ત્રમાં ગ્રંથી ભેદ કહે છે. આ ગ્રંથી ભેદ કરવો ઘણોજ આકરો (કઠણ) છે.

૫-વર્તમાન ચોવીશીનાં તીર્થંકરો મોક્ષે ગયાનાં સ્થળો. શ્રી રીષભદેવજી અષ્ટાપદ પર્વત ઉપર, શ્રીવાસુપુજ્યજી ચંપાપુરીમાં, શ્રી નેમનાથજી ગીરનાર પર્વત ઊપર, શ્રી મહાવીર સ્વામીજી પાવાપુરીમાં, મોક્ષે ગયા છે અને બાકીના વીશ તીર્થંકરો શ્રી સ મતશીખરજી (પારસનાથ પહાડ) પર્વત ઉપર મોક્ષે ગયા છે.

૬-વર્તમાન ચોવીશીના તીર્થંકરોએ જે દીવસે દીક્ષા લીધી તે દીવસે તપ કરી વળતું પારણું કયા ભોજનથી કર્યું તે.

પ્રથમ તીર્થંકર શ્રી રીષભદેવ સ્વામીજીએ શેલડીના રસનું પારણું કર્યું છે. અને બાકીના તેવીશે તીર્થંકરોએ પરમાન્ન (ક્ષીર ભોજન)નું પારણું કરેલ છે.

૭–વતમાન ચોવીશીનાં તીર્થંકરોના શરીરનાં વર્ણ–

૧–પદ્મપ્રભજી તથા વાસુ પુજ્યજી બન્ને રાતા વર્ણે.

૨–ચંદ્રપ્રભજી તથા સુવિધિનાથજી બન્ને સફેદ વર્ણે.

૩–મલ્લીનાથજી તથા પાર્શ્વનાથજી બન્ને લીલા વર્ણે.

૪–મુનીસુવૃત સ્વામીજી તથા નેમનાથજી બન્ને શ્યામ વર્ણે. બાકીનાં શોળે પ્રભુજી કંચન (સોનાને) વર્ણે હતા.

૮–મનુષ્યોનાં ત્રણ પ્રકારનાં લક્ષણ કહેલ છે.

૧–માનોપેત–છલોછલ પાણીથી ભરેલી કુંડીમાં મનુષ્ય બેસે તે કુંડીમાંથી એક દ્રોણ (બત્રીશ શેર) પાણી બહાર નીકળે તે માનોપેત મનુષ્ય ગણાય છે

૨–ઉન્માનોપેત–મનુષ્ય મોટા કાંટામાં (ત્રાજવામાં) ઉભો રહીને તોળાય (જોખાય) અને તેનું વજન અડધા ભાર (ચાર હજાર તોલા) થાય તો તે ઉન્માનો પેત મનુષ્ય ગણાય છે.

૩–પ્રમાણોપેત–જે મનુષ્ય પોતાના હાથની આંગળીઓથી એકશો ને આઠ આંગળ ઉંચો હોય તે મનુષ્ય પ્રમાણો પેત ગણાય છે અથવા મુખની ઉંચાઇ બાર આંગુળની ગણાય છે. તેના કરતાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નવ ગણો એટલે એકશો ને આઠ આંગળ ઉંચો હોય તે મનુષ્ય પ્રમાણોપેત ગણાય છે.

૧-લક્ષણ જે જન્મથીજ હોય તે લક્ષણ કહેવાય છે.

૨-વ્યંજન-જન્મ્યા પછી જે તલ, મસા વિગેરે થાય છે તે વ્યંજન કહેવાય છે.

૩-વ્યાવૃત ભોજી-દરરોજ ખાનારને વ્યાવૃત ભોજી કહે છે.

૪-વિભુષણ-વસ્ત્રાદીક પહેરવા તેને વિભુષણ કહે છે.

૫-આયામ-એટલે લંબાઈને આયામ કહે છે.

૬-વિષ્કંભ-એટલે પહોળાઈને વષ્કંભ કહે છે.

૭-પરિધિ એટલે ઘેરાવાને પરિધિ કહે છે.

૮-કેવળજ્ઞાન સર્વ દ્રવ્ય તથા પર્યાયને ત્રણે કાળમાં પ્રત્યક્ષ યથાર્થપણે જે જ્ઞાનથી જણાય તેને જૈન ભાષામાં કેવળજ્ઞાન કહે છે.

દ્રવ્ય એટલે મુળ પદાર્થ.

પ્રયાય એટલે તેની વિવિધ અવસ્થાઓ જેમકે-આત્મા મુળ દ્રવ્ય છે. અને દેવતા, મનુષ્ય, તિર્યંચ અને નારકી એ તેના પર્યાય છે પુદ્ગળ દ્રવ્યમાં પરમાણું મૂળ દ્રવ્ય અને તે પરમાણુઓના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શનું જે પરિવર્તન થાય તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અથવા ઘણા પરમાણુઓ મળવાથી કે વિખરાવાથી તેના જુદા જુદા સ્કંધો થાય તે પર્યાય કહેવાય છે. આવા પર્યાયો એક દ્રવ્યના અનંતા થાય છે સર્વ દ્રવ્ય તથા સર્વ પર્યાયોને ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળમાં કેવળજ્ઞાનીઓ જાણી શકે છે.

૯–છદ્મસ્થ અવસ્થા– જ્યાંસુધી કેવળજ્ઞાન થાય નહીં ત્યાંસુધીની સર્વ અવસ્થા તે છદ્મસ્થ અવસ્થા કહેવાય છે.

૧૦–ઉત્સર્પિણી કાળ-જે કાળમાં આયુષ્ય, શરીર, બળ, બુદ્ધિ વિગેરે ઉત્તરોત્તર વૃદ્ધિ પામે તે કાળને જૈન ભાષમાં ઉત્સર્પિણી કાળ કહે છે.

૧૧–અવસર્પિણી કાળ-જે કાળમાં આયુષ્ય, બળ, બુદ્ધિ, શરીર વીગેરેની મંદતા થતી જાય છે. તે કાળને જૈન ભાષામાં અવસર્પિણી કાળ કહે છે.

૧૨–ચાળ્યા વગરનાં લોટનો કાળ.

શ્રાવણ તથા ભાદરવા માસમાં પાંચ દીવસ, આસો માસમાં ચાર દીવસ, કારતક, માગશર ને પોશ માસમાં ત્રણ દીવસ, માહ તથા ફાગણ માસમાં પાંચ પહોર, ચૈત્ર ને વૈશાક માસમાં ચાર પહોર,

જેઠ ને અશાડ માસમાં ત્રણ પહોર સચિત રહે છે. પછી અચિત થઈ જાય છે.

૧૩-પંચેદ્રિ જીવોનો વધ કરવો, ઘણા આરંભ તથા પરિગ્રહમાં મચ્યા રહેવું, પરોપકારનો અભાવ, અતિ નિર્દય, ક્રૂર પરિણામ, માંસ તથા મદિરાનું ભક્ષણ કરવુ, રૌદ્રધ્યાન ધ્યાવું, અતિ કલેશ, કષાય કરવો, ગાઢ મિથ્યાત્વ, અનંતાનુ બંધી કષાય, (ક્રોધ, માન, માયા, લોભ) કૃષ્ણુ, લેશ્યા, ઈંદ્રિયોની ઇચ્છા મુજબ ચાલવું. વીગેરે સર્વે નરક ગતિનાં આયુષ્યનાં હેતુઓ છે.

૧૪ સત્માર્ગનો નાશ કરવો, કુમાર્ગનો ઉપદેશ દેવો, આર્ત્તધ્યાન, શલ્ય, વ્રત દિકમાં દોષ લગાડી પ્રાયશ્ચિત લેવું નહીં, નીલ અને કાપોત લેશ્યા, અપ્રત્યાખાની કષાય, વિગેરે સર્વે તિર્યંચ ગતિના આયુષ્યનાં હેતુઓ છે.

૧૫-દાન આપવાની રૂચીવાળો, સરળ સ્વભાવી, ક્ષમાવાન, આર્જવતા, માર્દવતા, અલ્પ પરિગ્રહવાળો, સ્વલ્પારંભી સુખ પુર્વક બોધ પમવાની યોગ્યતાવાળો, પ્રત્યાખ્યાની કષાય, લોક વ્યવહારમાં મધ્યસ્થ, કાપોત અને પીત લેશ્યાવાળો વિગેરે સર્વે મનુષ્ય ગતિના આયુષ્યના હેતુઓ છે

૧૬–અવિરતિ સમ્યગ દ્રષ્ટિ, દેશવિરતિ, સરાગ સંયમી, અજ્ઞાન પુર્વક તપ કરનાર, ઇચ્છા વિના ભુખ, તરસ, ટાઢ, તડકો, વીગેરે સહન કરનાર, અકામ નિર્જરો, ધર્મ શ્રવણુની અત્યંત રૂચી, સુપાત્રે દાન આપનાર, રત્નત્રયીનો (જ્ઞાન, દર્શન, ચારિત્રનો) આરાધક, અંત વખતે તેજો લેશ્યા તથા પદ્મ લેશ્યાવાળો, અગ્નિ, પાણી વીગેરે ઉપદ્રવથી મરણ પામનાર, આ સર્વે દેવગતિના આયુષ્યનાં હેતુઓ છે.

૧૭–જ્ઞાનવર્ણાદિક આઠ કર્મોની અનુક્રમતાની સમજ

જ્ઞાન અને દર્શન એ બન્ને આત્માનું સ્વરૂપ છે. કેમકે તેના શિવાય આત્મ તત્વનો અસંભવ છે. જ્ઞાન અને દર્શનમાં જ્ઞાન વસ્તુઓનો નિશ્ચય કરનાર હોવાથી જ્ઞાન પ્રધાન છે. તેથી તેનું આવરણ કરનાર જ્ઞાનાવરણી કર્મને પ્રથમ પદ આપેલ છે. જ્ઞાનના ઊપયોગ પછી દર્શનનો ઊપયોગ થાય છે. તેથી દર્શનાવરણી કર્મને બીજુ ગણ્યુ છે. જ્ઞાન તથા દર્શનવડે અનેક વિષયોને જાણતો એવો આત્મા સુખના અનુભવ કરે છે અને તેના અભાવમાં દુ:ખનો અનુભવ કરે છે. સુખ અને દુઃખ વેદનીય કર્મનું ફળ હોવાથી ત્રીજુ વેદનીય કર્મ ગણ્યુ છે. વેદનીય કર્મનાં ઉદયથી પ્રાપ્ત થયેલ સુખના સાધનોમાં રાગ

P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

અને દુઃખના સાધનોમાં દ્વેષ ઉત્પન્ન થય છે. વેદનીય કર્મ રાગ તથા દ્વેષ રૂપ મોહનીય કર્મના ઉદયનું નિમિત્ત હોવાથી ચોથુ મોહનીય કર્મ ગણ્યું છે. મોહાસક્ત પ્રાણી નરકાદિક દુર્ગતિઓનું આયુષ્ય બાંધે છે. માટે પાંચમું આયુષ્ય કર્મ ગણ્યું છે. આયુષ્ય કર્મનો ઉદય થવાથી ગતિ આદીક નામ કર્મનો અવશ્ય ઉદય થાય છેઃ માટે છઠું નામ કર્મ ગણ્યું, છે. ગતિ આર્થિક નામ કર્મનો ઉદય થવાથી ઊંચ અને નીચ એવો વ્યવહાર બધાય છે. માટે સાતમુ ગોત્ર ગણ્યું છે. ઉંચ ગોત્રનો ઉદય થવાથી જીવ પ્રાયઃ દાનાદિકમા પ્રવૃતિ કરી શકે છે. અને નીચ ગોત્રનો ઊદય થવાથી દાનાદિક કરી શકતે નથી માટે અઠમું અંતરાય કર્મ ગણ્યું છે.

૧૮–ગુરૂ વંદન—તેના ત્રણ પ્રકાર છે.

૧–ફીટ્ટા વંદન—ગુરૂને નજરે દેખતાજ મસ્તક નમાવી બે હાથ જોડી લલાટે લગાડવા તે.

૨–થોભવંદન— બે ખમાસણા પુર્વક અભુઠીઓ ખામવો તે

૩–દ્વાદશ વર્ત્ત વંદન—બે વાંદણા દેવા પુર્વક અભુઠીઓ ખામવો તે.

આ ત્રણ વંદન અનુક્રમે જઘન્ય, મધ્યમ તથા ઉત્કૃષ્ટ કહેવાય છે.

૧૯- જીનેશ્વર પ્રભુજીનાં દર્શન કરવા જવામાં પુજા કરવામાં તથા ધર્મોપદેશ સાંભળવા જતાં તથા તીર્થ યાત્રા કરવા જવામાં, વિગેરે ધર્મ કાર્ય કરવામાં તેર કાઠીઆ અંતરાય કરે છે. અને કદી કાંઈ પણ ધર્મ ધન પ્રાપ્ત કર્યું હોય તો તેને પણ ચોરી જાય છે. (લુંટી જાય છે) તે તેર કાઠીઆના નામ નીચે પ્રમાણે

૧–આળસ કાઠીઓ—પ્રભુજીની પુજા કરવા જતાં તથા ધર્મોપદેશ સાંભળવા જવાનો વિચાર કરતાં જ આળસ નામનો કાઠીઓ આડો આવી જતાં રોકી રાખે છે એટલે આજ નહીં કાલે જાશું એમ કરીને અટકી પડે છે.

૨ મોહ કાઠીઓ—સ્ત્રી, પુત્ર વિગેરેનાં મોહમાં પડી જાય. વેપાર ધંધામાં ગુંથાઇ જાય, તેથી જવાય નહીં.

૩–સ્તંભ કાઠીઓ—અભિમાન થઇ આવે કે ત્યાં. આપણું કાંઇ પણ માન જળવાતું નથી માટે ત્યાં કોણ જાય !

૪-અવજ્ઞા કાઠીઓ—ધર્મ સંભળાવનાર મુનિરાજ પણ મારી અવજ્ઞા કરે છે. આદર માન આપતા નથી માટે કોણ જાય !

૫-ક્રોધ કાઠીઓ—ત્યાં આવનાર બધા આપણા વિરોધીઓ છે. તેથી ત્યાં શું જઈએ ?

૬-પ્રમાદ કાઠીઓ—કામ, વિષયાદિક અન્ય પ્રમાદમાં પડી જવાથી ન જવાય.

૭-કૃપણતા કાઠીઓ—ત્યાં જાશું તો ટીપ વીગેરે ધર્મ કાર્યમાં પૈસા આપવા પડશે માટે ન જાય.

૮-ભય કાઠીઓ—કોઈ પણ જાતના ભયથી એટલે ત્યાં જાશું ને કોઇ ઉપદ્રવ કરનાર આવી ચઢે તથા આ બધા રાજ્ય વિરૂધ વિચારો કરવા માટે ભેળાં થયાં છે, એમ કોઇ ઠરાવશે. એવા ભયથી જાય નહીં.

૯-શોક કાઠીઓ—શોકનાં કારણો પ્રાપ્ત થવાથી અથવા શોકીઓ સ્વભાવજ હોવાથી ન જાય અને ઘરેજ બેસી રહે.

૧૦-અજ્ઞાન કાઠીઓ—જ્ઞાનાવર્ણી કર્મનાં ઉદયથી ન જાય, જ્ઞાન મેળવવાની ઇચ્છાજ ન થાય, અને તેથી ધર્મ સાંભળવા ન જાય.

૧૧-નિંદ્રા કાઠીઓ—અન્ય સામાન્ય કાર્યમાં મન અસ્થિર થઈ જવાથી ધર્મોપદેશ સાંભળતા નિંદ્રાના ઝોકા આવે. ધર્મ શ્રવણ કરવાનું મનમાં બહુ માન ન હોવાથી એમ બને છે.

૧૨-કુતુહળ કાઠીઓ—કાંઇક કુતુહળનાં કારણો મળવાથી ધર્મ શ્રવણ કરવા જતાં રોકાઇ જાય.

૧૩-રાગાંધ કાઠીઓ—સ્ત્રી, પુત્ર, સ્વજનાદિક ઉપરના રાગથી તેઓને સહેજ તાવ વિગેરે વ્યાધિ થઇ આવે અથવા તેઓના લાલન પાલનમાંથી નવરાશ ન મળે તેથી ન જાય.

ઉપર જણાવેલા તેર કાઠીઆઓ જેટલું આત્માનું અહિત કરે છે તેટલું ચોર, અગ્નિ કે દુર્જન પણ કરતાં નથી અને દશ દ્રષ્ટાંતે દુર્લભ એવો મનુષ્ય ભવ હારી જવાય છે.

આ દુષમ કાળ (પાંચમો આરો) પ્રાયે અશાતાની બહોળતા વાળો હોવાથી મદ, વિષય, કષાય, નિંદ્રા અને વિકથારૂપ પાંચ પ્રકારનો તથા અજ્ઞાન, શંસયાદિક ભેદથી આઠ પ્રકારનો પ્રમાદ અનાદિકાળથી આત્માનો સહચરી છે. તે શઠતા કરાવે છે, ખળ પુરૂષની સંગાતે જોડી દે છે, વિષયમાં તૃપ્તિ મનાવે છે

ગુણુ દોષના ભેદને જણાવા દેતો નથી, હિતો-પદેશ દેનાર ઊપર ક્રોધ કરાવે છે, વિગેરે તમામ કાર્યો પ્રમાદના પ્રભાવથીજ થાય છે, માટે જ શ્રી વીર પરમાત્માએ વારંવાર કહેલ છે કે—"હે ગૌતમ? એક સમય માત્ર પણ પ્રમાદ કરીશ નહી."

૨૦–પ્રભુજીના દર્શન કરવા જનાર પ્રાયે ચોખાનો સ્વસ્તિક કરે છે. પરંતુ બહોળો ભાગ તેનું રહસ્ય સમજતો નહીં હોય માટે તેની સમજ.

૧–ચોખાનો સ્વસ્તિક કરવામાં ચાર પાંખડા કાઢવામાં આવે છે તે નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિ સમજવી તેની ઉપર ત્રણ ઢગલી કરવામાં આવે છે તે જ્ઞાન, દર્શન અને ચારિત્ર સમજવા તેની ઉપર અર્ધ ચંદ્રકાર તે સિદ્ધ શીલા અને તેની ઉપર જેનાની ઢગલી તે સિદ્ધનાં જીવો સમજવા.

૨–સ્વસ્તિક કરતાં ભાવના ભાવવી કે— હે પ્રભુ ! ચારે ગતિમાં ભમી ભમીને હું અત્યંત કંટાળી ગયો છું માટે કૃપા કરી જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી રત્નત્રયીનું આરાધન કરી મારા આત્માનો સિદ્ધનાં સ્થાનમાં નિવાસ થાય તેવું મને આત્મ બળ, મનોબળ આપો.

૨૧–ત્રણ વસ્તુઓ પીસ્તાલીશ લાખ જોજન પ્રમાણુ છે.

૧–અઢીદ્વીપ અથવા મનુષ્યોની વસ્તી (જન્મ તથા મરણુ) પીસ્તાલીશ લાખ જોજન પ્રમાણુ ક્ષેત્રમાં થાય છે.

૨–સાતમી નરક પૃથ્વીનો પાટડો ૪૫ લાખ જોજન પ્રમાણુ છે.

૩–સિદ્ધ શીલા પીસ્તાલીશ લાખ જોજન પ્રમાણુ લાંબી છે. વચમાં આઠ જોજન જાડી છે ને બન્ને છેડા માખીની પાંખ જેવા પાતળા છે.

૨૨–ચાર વસ્તુઓ અકેક લાખ જોજન પ્રમાણુ છે.

૧–જંબુદ્વીપ એક લાખ જોજન પ્રમાણુ છે.

૨–સૌધર્મેંદ્રની સભા એક લાખ જોજન પ્રમાણુ છે.

૩–સૌધર્મેંદ્રનું પાલક નામનું વિમાન એક લાખ જોજન પ્રમાણુ છે.

૪–મેરૂ પર્વત એક લાખ જોજન ઊંચો છે.

લી૦ સંગ્રાહક—મોતીલાલ

સમાપ્ત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust